

જ્ઞાનસ્વરૂપી આત્માનું જ્ઞાન જ્ઞેયમાં તન્મય થતું નથી. જ્ઞેય સંબંધીના પોતાના જ્ઞાનમાં આત્મા તન્મય છે, જ્ઞેયમાં તન્મય નથી. તેથી, જ્ઞાનમાં પોતાનો સ્વપર-પ્રકાશક સ્વભાવ જ વિસ્તરે છે, તેમાં પરનો વિસ્તાર નથી. —પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવ


કહાન સં. ૧૭ સં. ૨૦૫૩ [૬૩૯] * આત્મધર્મ * [અંક-૭ વર્ષ-૫૩] વીર સં. ૨૫૨૩ જાન્યુઆરી-૧૯૯૭

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી-ભક્તગણ દ્વારા
'વસઈ-રોડ'' (મહારાષ્ટ્ર)માં આયોજિત

# શ્રી દિગંબર જિનબિમ્બ પંચકલ્યાણક પ્રતિષ્ઠામહોત્સવ

[તા. ૪-૨-૯૭ મંગળવાર થી તા. ૧૧-૨-૯૭ મંગળવાર]

અતિ હર્ષોલ્લાસ સહ જણાવવાનું કે—જિનેન્દ્રમાર્ગપ્રકાશક, અધ્યાત્મયુગપ્રવર્તક આપણા પરમ-તારણહાર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના તેમ જ પોતાના ધર્મસમ્બદ્ધ જાતિસ્મરણરૂપ 'જ્ઞાનવૈભવ' દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના 'ધાતકી-વિદેહ-ભાવિ-તીર્થંકર-દ્રવ્ય'ત્વ જગપ્રસિદ્ધ કરનાર, સ્વાનુભવવિભૂષિત, પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચમ્પાબેનના સાતિશય ધર્મોપકાર-પ્રતાપથી, મુમ્બઈ-સમીપસ્થ 'વસઈ-રોડ' નગર (મહારાષ્ટ્ર)માં નવનિર્મિત શ્રી મહાવીરસ્વામી દિ૦ જિનમન્દિરમાં મૂળનાયક ૧૦૦૮ પરમપૂજ્ય શ્રી મહાવીરસ્વામી, વિધિનાયક શ્રી પાર્શ્વનાથ તથા ધાતકી-વિદેહ-ભાવિ-તીર્થંકર, અને ઊપરના કક્ષમાં, સંગેમર્મરનિર્મિત ગુલાબી વિશાળ કમલાકાર ત્રિસ્તરીય જિનવેદી પર ભૂત-ભવદ્-ભાવિ ત્રણ ચૌવીસીના ૭૨ ભવ્ય જિનબિમ્બ, અને અન્ય વેદી પર ખડ્ગાસનસ્થ શ્રી આદિનાથ, શ્રી ભરતકેવળી તેમ જ મુનિવર શ્રી બાહુબલી, પદ્માસનસ્થ વિદેહીનાથ શ્રી સીમંધરસ્વામી આદિ જિનબિમ્બ બિરાજમાન કરવામાં આવશે. આ જિનબિમ્બોની પંચકલ્યાણક પુરસ્સર પ્રતિષ્ઠાનું અષ્ટાહ્નિક આયોજન વિ. સં. ૨૦૫૩, પોષ વદ-૧૧ મંગળવાર, તા. ૪-૨-૯૭ થી મહા સુદ ૫ (વસન્ત પંચમી), મંગળવાર તા. ૧૧-૨-૯૭ સુધી કરવામાં આવ્યું છે.

આ મંગળ પ્રતિષ્ઠામહોત્સવનો અમૂલ્ય લાભ લેવા માટે આપ સર્વે મુમુક્ષુ સમાજને 'વસઈ-રોડ' પધારવા અમારું ધર્મવાત્સલ્યયુક્ત આગ્રહભીનું હાર્દિક નિમંત્રણ છે.

સૂચના :—(૧) પ્રતિષ્ઠામંડપમાં વિધિ-અધ્યક્ષ શ્રી જિનબિમ્બ બિરાજમાન કરવાની, અખંડદીપપ્રદીપનની, ધર્મધ્વજારોહણની તથા 'પંચપરમેષ્ઠિમંડલવિધાનપૂજા'ના ઈન્દ્રોની બોલી તા. ૩-૨-૯૭, સોમવારના રોજ તથા પ્રતિષ્ઠાવિધિમાં મુખ્ય શ્રી સૌધર્માદિ ઈન્દ્રો, કુબેર, અષ્ટ તેમ જ ૫૬ કુમારિકા દેવીઓની બોલી તા. ૪-૨-૯૭, મંગળવારના રોજ બોલવામાં આવશે. (૨) વિધિનાયક ભગવાનના માતા-પિતા બનવાનું સૌભાગ્ય, બન્ને મુમુક્ષુમંડળના અતિ આગ્રહથી અ. સૌ. શ્રીમતી લાભકુંવરબેન ચિમનભાઈ મોદી તેમ જ સોનગઢ—ટ્રસ્ટના ટ્રસ્ટી તેમ જ મંત્રી શ્રી ચિમનભાઈ ઠાકરશીભાઈ મોદીને સમ્પ્રાત થયું છે.

❋ નિમંત્રણપ્રેષક ❋

શ્રી કુન્દકુન્દ-કહાન દિ૦ જૈન સંઘ, વસઈ રોડ,
અધ્યક્ષ—
વીરજીભાઈ ભીમજીભાઈ પટેલ

શ્રી ઉપનગર દિ૦ જૈન મુમુક્ષુમંડળ, મલાડ,
અધ્યક્ષ—
નગીનદાસ હિંમતલાલ ડગલી

કહાન
સંવત-૧૭
વર્ષ-૫૩
અંક-૭
[ ૬૩૯ ]

વીર
સંવત
૨૫૨૩
સં. ૨૦૫૩
JAN.
A.D. 1997




શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

## ❋ મતિ એવી ગતિ ❋

[ શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

**( સળંગ પ્રવચન નં. ૭૧ )**

**આ પરમાત્મપ્રકાશનો પ્રથમ અધિકાર છે. તેની ૧૧૦મી ગાથા ચાલે છે.**

ભાવાર્થ:—'પરલોક' શબ્દનો અર્થ એવો છે કે પર અર્થાત્ ઉત્કૃષ્ટ વીતરાગ ચિદાનંદ શુદ્ધ સ્વભાવ આત્મા, તેનું લોક અર્થાત્ અવલોકન, નિર્વિકલ્પ સમાધિમાં ઉત્કૃષ્ટ આત્માને અનુભવવો તેનું નામ 'પરલોક' છે.

'પરલોક' એટલે 'ઉત્કૃષ્ટ લોક' વીતરાગ ચિદાનંદ શુદ્ધ સ્વભાવ—ત્રિકાળી આત્મા ઉત્કૃષ્ટ છે તેને નિર્વિકલ્પ પરમસમાધિમાં અવલોકવો-અનુભવવો તેનું નામ 'લોક' છે એટલે કે નિર્વિકલ્પ સમાધિમાં ત્રિકાળી આત્માને અનુભવવો તે 'પરલોક' છે. જ્ઞાનાનંદરૂપી વજની કાતળી એવા આત્મતત્ત્વને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની નિર્વિકલ્પ સમાધિમાં અનુભવવો તે જ એક કર્તવ્ય છે.

આત્મવસ્તુ પોતે તો વીતરાગ-સમાધિ સ્વરૂપ જ છે, અકષાયસ્વરૂપ છે, શાંત-સ્વરૂપ છે તેને અકષાયદૃષ્ટિ દ્વારા અવલોકવો તેનું નામ 'પરલોક' કહેવામાં આવ્યું છે. તેમાં જે નિર્વિકલ્પશાંતિ વેદાય છે તેનું જ નામ ધર્મ છે. વસ્તુ તો સમાધિનો પિંડલો છે. એકલો નિર્દોષ વીતરાગ સમાધિનો પિંડ—તે જ આત્મા છે. તેને અંતર દૃષ્ટિ, જ્ઞાન અને શાંતિ-સમાધિ દ્વારા અવલોકવો તેનું નામ 'પરલોક' છે. તે સિવાય બાકી બધો તુચ્છ લોક છે. રાગ-દ્વેષને અને પરને અવલોકવું તે બધું તુચ્છ લોકમાં જાય છે.

મિથ્યાત્વ અને અનંતાનુબંધી કષાય વિના, નિર્વિકલ્પશાંતિ અને સમાધિ દ્વારા આત્માને અવલોકવો તેનું નામ પરલોક કહેવાય છે અથવા બીજી રીતે કહીએ તો, પરમાત્માના કેવળજ્ઞાનમાં જીવાદિ પદાર્થ—લોકાલોક દેખાય છે માટે પરમાત્માને 'પરલોક' કહેવાય છે અથવા વ્યવહારનયથી સ્વર્ગ અને મોક્ષને પરલોક કહેવાય છે. તે સ્વર્ગ અને મોક્ષનું કારણ ભગવાનનો ધર્મ છે માટે કેવળીભગવાનને 'પરલોક' કહેવાય છે. પૂર્ણાનંદસ્વરૂપનો અનુભવ તે મોક્ષનું કારણ છે અને સાથે જે રાગ ઊઠે છે તે સ્વર્ગનું કારણ છે. આવો માર્ગ ભગવાને બતાવ્યો છે માટે ભગવાન 'પરલોક' છે.

છેલ્લે યોગીન્દ્રદેવ કહે છે કે પરમાત્મા સમાન પોતાનો નિજ આત્મા છે તે જ પરલોક છે માટે તે જ ઉપાદેય છે, બાકી કાંઈ આદરવાલાયક નથી. તો પ્રશ્ન થાય કે આ રાજપાટ ભોગવવા અને ધંધો કરવો એ બધું શું આદરણીય નથી? તે ન કરવું? —ભાઈ! એ તો વિકલ્પ છે, પાપબંધનું કારણ છે. તે આદરણીય કેમ હોય! એ તો દીર્ઘ સંસારનું કારણ છે. અહીં તો મુક્તિનું કારણ થાય એવો આત્મા ઉપાદેય છે માટે તેને જ અવકલોકવો, બાકી કોઈ વ્યવહાર વિકલ્પાદિ આદરણીય નથી.

આ ૧૧૦ ગાથા થઈ. હવે ૧૧૧મી ગાથામાં કહે છે કે, જેનું મન નિજ આત્મામાં વસી રહ્યું છે એવા જ્ઞાની જીવ જ 'પરલોક' છે.

सो पर वुच्चइ लोउ परु जसु मइ तित्थु वसेइ ।
जहिं मइ तहिं गइ जीवह जि णियमें जण हवेइ ॥

જે ભવ્યજીવની મતિ નિજ આત્મસ્વરૂપમાં વસી રહી છે અર્થાત્ વિષય-કષાય-વિકલ્પ-જાળના ત્યાગથી સ્વસંવેદનજ્ઞાનસ્વરૂપવડે સ્થિર થઈ રહી છે તે પુરુષ નિશ્ચયથી ઉત્કૃષ્ટજન કહેવામાં આવે છે.

લોકોમાં પણ કહેવાય છે ને!—'જેવી મતિ તેવી ગતિ' એ વાતને આચાર્યદેવે અહીં આત્મા ઉતારી છે. જેની મતિ એટલે બુદ્ધિ ચિદાનંદસ્વરૂપ નિજઆત્મામાં વસે છે અર્થાત્ વિષય-કષાયમાં બુદ્ધિ નહિ જતાં સ્વસંવેદનજ્ઞાનમાં સ્થિર થઈ છે તેને પર્યાયમાં વિષય-કષાયનો ત્યાગ થઈ ગયો છે, શુભાશુભ વિકલ્પની જાળ પણ છૂટી ગઈ છે એવો પુરુષ જ ખરેખર ઉત્કૃષ્ટજન છે. શુભાશુભ વિકલ્પ તરફ જતી રુચિ અને તેની પરિણતિનું લક્ષ છોડી અંતરમાં બિરાજમાન પરમાનંદસ્વરૂપ જ્ઞાયકમાં દૃષ્ટિને સ્થિર કરીને સ્વસંવેદન કરી રહ્યો છે એવો પુરુષ—જ્ઞાની જ નિશ્ચયથી ઉત્કૃષ્ટ છે. તે જ 'પરલોક' કહેવાય છે.

જગતમાં મોટાને 'મોટો માણસ' કહેવાય છે તેમ આ ધર્મજગતમાં જ્ઞાની

જીવ પરલોક-ઉત્કૃષ્ટ આત્મા કહેવાય છે. તે જ જગતમાં 'પ્રધાન જીવ' છે. પૈસાવાળાને અને આબરૂવાળાને જગતના જીવો 'મોટા' કહે છે તેની અહીં ના પાડે છે કે મોટા તો 'જ્ઞાની જીવ' છે.

ભગવાન આત્મા શક્તિરૂપે સાક્ષાત્ પરમેશ્વરસ્વરૂપ છે. જે જીવ શુભાશુભરાગને છોડીને, શુદ્ધપરિણતિએ પરિણમીને તેમાં જ જે વસે છે તેવા જ્ઞાની જીવને પરલોક—ઉત્કૃષ્ટ માણસ કહેવાય છે. આ નેતાઓ, પ્રધાનોને મોટા કહેવાતા નથી. અહીં તો જે શાંતરસથી પૂર્ણ છલોછલ ભરેલું તત્ત્વ છે તેમાં જેણે મતિને સ્થાપી છે તે 'મોટા જન' છે. મતિ એટલે એકલી બુદ્ધિ નહિ પણ નિર્વિકલ્પ શ્રદ્ધા, જ્ઞાન સહિત સ્થિરતા કરી છે તે ઉત્કૃષ્ટ છે, તે મહાત્મા છે, તે પરલોક છે. તે સિવાય મોટો ચક્રવર્તી હોય તે પણ મહાજન નથી. જેને લોકો 'મહાજન' કહે છે તે મહાજન નથી.

'મહાજન' તો તેને કહીએ કે જેણે નિજવસ્તુસ્વરૂપમાં મતિને સ્થાપી છે. એ રીતે જ્ઞાનીને 'મહાજન' કહેવાય. બાકી કોઈ મહાજન નથી. પર્યુષણ આદિ મોટા પ્રસંગોમાં કાંઈક આગળ પડીને કામ કરીને કે પૈસા વાપરીને પોતાની સત્તા કાંઈક છે એમ દેખાડવા માગે છે—એવું બધું અનેક જગ્યાએ બનતું હોય છે—તે કોઈ મોટા નથી. અહીં તો આત્માના સ્વભાવમાં આગળ પડે તે 'મહાજન' છે. પૈસાવાળાની ખુરશી ભલે પહેલી મૂકાતી હોય પણ તે મહાજન નથી.

માત્ર ધારણામાં આગળ વધીને નવ અંગની ધારણા કરી હોય કે અગિયાર અંગ ભણી ગયો હોય તે પણ 'મહાજન' નથી. દુનિયા ભલે તેને મોટો મહાત્મા માનતી હોય, ખૂબ પ્રસિદ્ધિ મેળવી હોય પણ તેની મતિ આત્મામાં ગઈ નથી માટે તે મહાજન નથી. ઘણીવાર દુર્જનને પણ મોટો માણસ કહેવાનો હોય છે. 'મોટાની વાતો બધી મોટી હોય' એમ પણ કહેવાય છે એ બધાં ગાંડામાં મોટા છે. આત્માના પંથમાં મોટા નથી.

જેની મતિ જેવી હોય તેવી જ તેની ગતિ થાય છે. જેની મતિ શુદ્ધ દ્રવ્યસ્વભાવમાં ઠરી છે તેની ગતિ પરમાત્માની થશે અર્થાત્ તે પરમાત્મપદને પામશે. અને જેની મતિ પુણ્ય-પાપના વિકલ્પોમાં ચોંટી છે તે બધાં દીર્ઘસંસારી છે. જુઓ ! શુભરાગમાં પણ જેની મતિ ચોંટી છે તેને ચારગતિમાં રખડવાનું ફળ મળશે.

જે જીવોનું મન નિજવસ્તુમાં છે તેને નિજપદની પ્રાપ્તિ થાય છે. જ્ઞાનાનંદ નિજસ્વભાવમાં જેની મતિ એટલે ચિત્ત-દૃષ્ટિ-મન લાગ્યું છે તેને પરમાત્મપદની પ્રાપ્તિ થાય જ છે તેમાં સંદેહ નથી. જિનવરદેવે કહેલી આ વાત છે કે 'જેવી મતિ તેવી તેની ગતિ.'

ભાવાર્થ :—જે જીવ આર્ત્તધ્યાન અને રૌદ્રધ્યાનની આધીનતાથી પોતાની શુદ્ધાત્મભાવનાથી રહિત થયો થકો રાગાદિ પરભાવોમાં પરિણમન કરે છે તો તે દીર્ઘસંસારી થાય છે અને જો જીવ નિશ્ચયરત્નત્રયસ્વરૂપ પરમાત્મતત્ત્વમાં ભાવના કરે છે તો તે મોક્ષ પામે છે. આમ જાણીને સર્વ રાગાદિ વિકલ્પોને ત્યાગીને તે પરમાત્મતત્ત્વમાં જ ભાવના કરવી જોઈએ.

જેણે પોતાની મતિને પુણ્ય-પાપરાગમાં સ્થાપી છે તે આર્ત્ત-રૌદ્રધ્યાનવાળો જીવ તેની આધીનતાથી પોતાના શુદ્ધાત્માની ભાવનાથી રહિત રહે છે તેની દૃષ્ટિ તો બસ પુણ્ય-પાપ વિકાર ઉપર જ છે તેથી એ વિકાર કેમ વધે તેની ઉપર જ તેનું લક્ષ છે. એ જીવ શુદ્ધાત્મભાવનાથી રહિત છે. દ્રવ્યલિંગી સાધુ મરીને નવમી ગ્રૈવેઈક જાય છે પણ તેની મતિ તો વિકલ્પમાં જ સ્થપાયેલી છે તેથી તેની ગતિ આત્મામાં થતી નથી. બે જ જાતની મતિ અને એવી જ ગતિ છે. એક તો સ્વભાવના આદરવાળી મતિ છે તે સ્વભાવમાં લઈ જાય છે અને સ્વભાવના અનાદરવાળી મતિ છે તે વિકારમાં અને તેની આધીનતામાં લઈ જાય છે.

જેની મતિ વીતરાગસ્વભાવમાં સ્થપાય છે તેનું પરિણમન વીતરાગી દૃષ્ટિ, જ્ઞાન અને સ્થિરતામાં થાય છે તેને તેની મતિ અનુસાર પરમાત્મામાં ગતિ થઈ જશે અને જેની મતિ રાગાદિ વિકારમાં સ્થપાણી છે તે વિકારરૂપે પરિણમીને દીર્ઘસંસારી થાય છે. આમ, મતિ અને ગતિની દિશા બે પ્રકારની જ છે. સ્વભાવમાં ગયેલી મતિ સ્વભાવમાં લઈ જાય છે અને વિકારમાં ચોંટેલી મતિ સંસારમાં ભ્રમણ કરાવે છે. 'મતિ એવી ગતિ'ના આ બે જ પડખાં છે.

શુદ્ધાત્માની ભાવના કહો કે મતિની સ્થાપના કહો એક જ છે. જે શુદ્ધાત્મની ભાવના છોડીને પુણ્ય-પાપના વિકલ્પની રુચિના પ્રેમમાં પડયો છે-તેની જ જેને ભાવના છે—તેમાં જ મતિને સ્થાપી છે—એટલો જ હું આત્મા છું એમ જેની મતિ રંગાઈ ગઈ છે તે વિકારરૂપ પરિણમન કરીને દીર્ઘસંસારી થાય છે-નિગોદમાં ચાલ્યો જાય છે અને જેણે આત્મસ્વરૂપમાં મતિ સ્થાપી છે—જેને સ્વભાવની રુચિ લાગી છે તે પરમાત્મા થઈ જશે. તેને અનંત આનંદ આવશે અને પહેલાંને અનંતદુ:ખ થશે.

શ્રોતા:— આવી સ્પષ્ટ વાત સાંભળ્યાં પછી મતિ કેમ આત્મામાં જતી નથી?

પૂજ્ય ગુરુદેવશ્રી :—તેને જેવો વિકારનો પ્રેમ જામી ગયો છે તેવો પ્રેમ આત્મામાં આવતો નથી તેથી આત્મામાં મતિ જતી નથી. આત્મા કેવો હશે તે બેસતું નથી. 'આત્મા આવો જ છે' એવો અવ્યક્તપણે પણ જ્યાં સુધી પ્રેમ ન આવે ત્યાં સુધી અંદરમાં

રુચિ જામે નહિ. રાગાદિ વિકલ્પો અનેક જાતના ઊઠે છે તેમાં પ્રેમ આવ્યા કરે છે અને અમે કાંઈક કરીએ છીએ—એમ લાગે છે. આ હોંશના કારણે ભગવાન આત્મા વિકલ્પથી રહિત છે તેમાં મતિ સ્થાપવાનો અવસર પોતે લેતો નથી. આવી વાત છે.

આ તો બહુ સાદી સીધી વાત છે કે દ્રવ્યમાં દૃષ્ટિ સ્થાપી તે પરમાત્મા થશે અને જેણે મતિને—દૃષ્ટિને મંદ અને તીવ્ર રાગમાં સ્થાપી છે તે વિકારનું પરિણમન કરીને દીર્ઘસંસારમાં રખડશે. અહીં તો ત્યાં સુધી કહે છે કે જેણે કેવળ દેવ-શાસ્ત્ર-ગુરુની ભક્તિમાં મતિને સ્થાપી છે તેને પણ વિકારનું પરિણમન થાય છે.

આ તો એક ઘા ને બે કટકાની વાત છે.

આત્મા એટલે 'વીતરાગપિંડ'માં જેણે દૃષ્ટિ કરીને વીતરાગ પરિણતિ દ્વારા તેમાં મતિને સ્થાપી છે તે વીતરાગ થઈ જશે. શક્તિમાંથી વીતરાગતાની વ્યક્તિ થઈ જશે. આત્માની મતિવાળાને પ્રવાહ અંદરમાં જાય છે અને પરની અને વિકારની રુચિવાળાનો પ્રવાહ સંસારમાં જાય છે. આત્માને છોડીને ભલે સૂક્ષ્મ શુભવિકલ્પમાં મતિ રોકાણી હોય પણ તે આત્મસ્વભાવથી વિપરીતભાવ છે તેમાં તેને 'આ ઠીક છે' એમ લાગ્યું તેથી તે વિકારરૂપ પરિણમીને વિકારના ફળમાં દીર્ઘસંસારમાં પરિભ્રમણ કરશે.

જેમ નદીના વહેણ બે તરફ જાય છે તેમ મતિના વહેણ બે તરફ જાય છે. તેમાંથી જેના વહેણ દ્રવ્યસ્વભાવ તરફ ગયાં તે મોક્ષમાં પહોંચી જશે અને જેના વહેણ વિકાર તરફ ગયા તે તેને આત્માથી દૂર કરીને વિકારમાં રખડાવશે.

શ્રોતા :—ઘરબાર-ધંધા આદિને છોડીને બેઠા છીએ તેનું શું ?

પૂજ્ય ગુરુદેવશ્રી :—ઘર-બાર, વેપાર આદિ કયાં એના છે ? એક ત્રિકાળી પ્રભુ જ એનો પોતાનો છે અને તેને ન માને તો વિકારને મારો માને એ સિવાય ત્રીજી કોઈ ચીજ જીવની નથી. દુકાન, મકાન, શરીરાદિ તો બધું જડ છે. જીવ બેમાં જ એકત્વ કરી શકે કાં તો વીતરાગસ્વભાવમાં અને કાં રાગમાં એકત્વ કરે, બાકી પરમાં જીવ એકત્વ પામી શકતો નથી.

અહો ! જ્ઞાનસ્વરૂપ પ્રભુ એકલો નિર્દોષ—વીતરાગરસનો કંદ છે. જ્ઞાનસ્વરૂપમાં વળી દોષ કેવો ! તેમાં જેણે મતિ સ્થાપી તેની મતિ વિકલ્પમાંથી ઊઠી ગઈ, દૃષ્ટિમાંથી વિકારનો આદર ચાલ્યો ગયો. તે હવે વીતરાગતામાં જ પરિણમન કરતો કરતો કેવળજ્ઞાન પામશે અને અજ્ઞાની કે જેના પ્રેમ રાગે લૂંટ્યા છે—જે રાગમાં ફસાણો છે તેનું પરિણમન વિકારમાં જ તીવ્રપણે થઈને ચારગતિના ફળને આપ્યા કરે છે. આ બે પ્રવાહ છે તેમાંથી તને જ્યાં રુચે ત્યાં જા...

અશુભરાગની રુચિ તો મિથ્યાત્વ છે જ. પણ, શુભરાગની રુચિ પણ મિથ્યાત્વ જ છે. તેથી જેની મતિ શુભરાગમાં સ્થપાણી છે તેની ગતિ મિથ્યાત્વ અને તેના ફળમાં જ થાય છે. ભગવાન આત્માથી વિરુદ્ધભાવનો પ્રેમ છે તેથી તેને સંસાર જ ફળે છે. અને જેની મતિ શુદ્ધસ્વરૂપ પૂર્ણાનંદના નાથ નિજઆત્મામાં સ્થપાણી તેની ગતિ પરમાત્માની જ થશે. તે મતિ નિશ્ચયરત્નત્રયસ્વરૂપ છે. શુદ્ધદ્રવ્યસ્વરૂપની પ્રતીતિ, તેનું જ્ઞાન અને તેમાં સ્થિરતા એ મતિ છે તેના ફળમાં મોક્ષ ગતિ—પરમાત્મામાં ગતિ થાય છે. માટે અહીં કહ્યું કે જેણે પરમાત્મામાં પ્રેમ જોડયો છે અને રાગાદિ વિકલ્પનો પ્રેમ તોડયો છે તે મોક્ષ પામે છે. બસ...તેને મતિ એવી ગતિ થઈ ગઈ.

જેને ઊછળી ઊછળીને રાગ અને પુણ્ય-પાપનો પ્રેમ આવે છે, ઉત્સાહ આવે છે, અધિકતા ભાસે છે, મીઠાશ આવે છે તેની મતિ ત્યાં જ ચોંટી ગઈ છે, તેને આખા વીતરાગસ્વભાવનો અનાદર થઈ રહ્યો છે અને વિકારનો જ આદર આવે છે તે મિથ્યારત્નત્રયરૂપે પરિણમતો દીર્ઘસંસારમાં ભમે છે. રાગની રુચિ તે મિથ્યાત્વ છે, રાગનું એકત્વપૂર્વક જ્ઞાન તે મિથ્યાજ્ઞાન છે અને રાગમાં સ્થિરતા તે મિથ્યાચારિત્ર છે. આ મિથ્યારત્નત્રયના ફળમાં તે જીવ સંસારમાં ભ્રમણ કરે છે.

આમ જાણીને સર્વ રાગાદિ વિકલ્પોને ત્યાગીને પોતાના નિજસ્વરૂપમાં ભાવના અર્થાત્ નિજસ્વરૂપમાં શ્રદ્ધા, જ્ઞાન અને સ્થિરતા કરવી જોઈએ. ભગવાન આત્માની સન્મુખ થઈ, દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા કરવી જોઈએ. એ જ આત્માને હિતકર અને મોક્ષનો ઉપાય છે.

શ્રોતા :—દૃષ્ટિનું પરિવર્તન કેમ કરવું ?

પૂજ્ય ગુરુદેવશ્રી:—રાગના પ્રેમમાં દૃષ્ટિ પડી છે તેને ત્યાંથી ફેરવીને ભગવાન ઉપર મૂક! જેની મહિમા વીતરાગ સર્વજ્ઞદેવ પણ વાણીમાં પૂરી કહી શકયા નથી એવા મહિમાવંત નિજભગવાનમાં દૃષ્ટિને સ્થાપ! ભગવાનના જ્ઞાનમાં પૂરું સ્વરૂપ આવી ગયું પણ વાણીમાં તો નિર્મળપર્યાયનું પણ પૂરું સ્વરૂપ આવી શકતું નથી. એ દ્રવ્યની મહિમાનું શું કહેવું ? તું તારી મતિમાં આ ચિદાનંદ ભગવાન આત્માનું સ્વરૂપ સ્થાપ! એ જ કરવાનું છે. એ સિવાય બીજું કાંઈ કરવા જેવું નથી.

આ ત્રણ એકડાવાળી—૧૧૧ ગાથા પૂરી થઈ. તેમાં એ કહ્યું કે જે મતિએ ભગવાન આત્માની કિંમત કરી તેને સંસાર કેમ હોય! તેને તો મુક્તિ જ હોય અને જે મતિએ રાગની કિંમત કરી તેને આત્માનો લાભ કેમ હોય! તેને તો સંસાર જ હોય. હવે રુચિનું ડાકલું કઈ તરફ વગાડવું તે તારા હાથમાં છે. એક સમયમાં જે

પૂર્ણ...પૂર્ણ...વીતરાગવિજ્ઞાનઘન છે તેની મતિ જેણે કરી તેણે આત્માની કિંમત કરી તેની મતિમાંથી પુણ્ય-પાપની કિંમત ઉડી ગઈ. તેને વિષય-ભોગની મીઠાશ તો ન રહી પણ તેના રાગની પણ મીઠાશ ચાલી ગઈ. દૃષ્ટિની દિશા બદલાણી—મતિ અંદરમાં ગઈ ત્યાં રાગનો સ્તંભ પણ રોકાઈ ગયો—'વિકલ્પ એ મારું સ્વરૂપ નથી' એમ તેની પ્રીતિ છૂટી ગઈ. જ્ઞાનીને રાગાદિ હોય છતાં પ્રીતિ નથી—રાગમાં મતિ નથી. ભૂમિકા અનુસાર ત્રણ કષાય, બે કષાય, એક કષાય તો જ્ઞાનીને હોય છે પણ મતિ- પ્રીતિ ત્યાં નથી. મતિ તો પ્રભુમાં સ્થપાઈ ગઈ છે, પ્રભુની જ પ્રીતિ છે, રાગની મીઠાશ ઉડી ગઈ છે.

અજ્ઞાનીએ અનાદિથી ભગવાન આત્મામાં મતિ નહિ લગાવતાં રાગમાં મતિને સ્થાપી છે તેથી આકુળતામાં દુઃખી થાય છે. ભગવાન આત્માથી વિરુદ્ધ ભાવમાં આકુળતા જ હોય ને! આનંદથી ઉલટા ભાવમાં મતિને પ્રીતિથી સ્થાપી છે તે દુઃખી જ થાય છે. તેને દુઃખ સિવાય બીજું શું હોય! તે ચારગતિમાં ભમતો અંતે નિગોદમાં જઈને અનંતકાળ ત્યાં રહેશે. એક શરીરમાં અનંત જીવની સાથે રહેશે.

આગળ ૧૧૨ ગાથામાં આ જ વાતને દૃઢ કરે છે. પરમાત્મપ્રકાશે પરમાત્માનો પ્રકાશ કર્યો છે.

**जहिं मइ तहिं गइ जीव तुहुँ मरणु वि जेण लहेहि ।**
**तें परबंभु मुएवि मइं मा पर-दव्वि करेहि ॥ ११२ ॥**

અર્થ:—હે જીવ! જ્યાં તારી બુદ્ધિ છે ત્યાં જ તારી ગતિ છે તેથી મરીને તું મતિ અનુસાર જ ગતિ પામીશ. માટે તું પરમબ્રહ્મને છોડીને પરદ્રવ્યમાં બુદ્ધિને ન લગાવ!

હે જીવ! જો તારી મતિ ભગવાન આત્મામાં છે તો દેહ છૂટીને પણ તું પરમબ્રહ્મ તરફના વલણમાં જ રહીશ અને એ નવો દેહ છૂટીને તું પરમાત્મા થઈ જઈશ. માટે તું પરમબ્રહ્મ આત્માને છોડીને બુદ્ધિને ક્યાંય બીજે લગાવીશ નહિ.

ભાવાર્થમાં ખૂબ મીઠા શબ્દોથી સમજાવે છે.

ભાવાર્થ:—શુદ્ધ દ્રવ્યાર્થિકનયથી ભગવાન આત્મા ટાંકણાથી ઘડાયેલા અઘટિત ઘાટ જેવો છે—એવા અમૂર્તિક પદાર્થ, જ્ઞાયકમાત્ર સ્વભાવ, સદા આનંદરૂપ, અદ્વિતીય અતીન્દ્રિય સુખરૂપ, અમૃતના રસથી તૃપ્ત, એવા નિજશુદ્ધાત્મતત્ત્વને છોડીને દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મમાં—દેહાદિ પરિગ્રહમાં મનને ન લગાવ.

શું કહે છે?—કે શુદ્ધ દ્રવ્યાર્થિકનયથી જોઈએ તો આત્મા અણઘટિત ઘાટ છે—અનાદિનો એવો ને એવો જ છે, વળી રંગ, ગંધ, રસ, સ્પર્શ વિનાનો અમૂર્તિક

પદાર્થ છે, એકલો જાણનાર સ્વભાવી છે, સદા આનંદરૂપ છે, અદ્વિતીય એટલે અજોડ એવા અતીન્દ્રિય સુખ રસથી આત્મા તૃપ્ત થયેલો છે. આ પર્યાયની વાત છે. પાઠમાં પરિણત શબ્દ છે તેનો અર્થ ભાવાર્થકારે 'તૃપ્ત' કર્યો છે. જેમ, ખૂબ તૃષા લાગી હોય અને સાકર નાંખેલો મુસંબીનો ઠંડો રસ મળી જાય તો કેવો તૃપ્ત થાય! તેમ આ આત્મરસપ્યાસુ જીવને અતીન્દ્રિયઅમૃતરસ મળી જતાં તે તૃપ્ત થયો છે તેની વાત છે. તેને માટે ભાષા પણ કેવી વાપરી છે! ટંકોત્કીર્ણ એક જ્ઞાયકસ્વભાવ વસ્તુ છે તેમાં એકરૂપ અતીન્દ્રિય સુખામૃતથી પરિણત થયેલો જીવ છે એવા નિજશુદ્ધાત્મતત્ત્વને છોડીને અન્ય કોઈમાં મન લગાવીશ નહિ એમ આચાર્યદેવ સંબોધન કરે છે. યોગીન્દ્રદેવને જાણે શબ્દો ઓછા પડે છે એટલા ભાવ અંદરમાં ભરેલા છે.

જગડું શેઠ પાસે હીરાનો બળદ હતો એવી કથા આવે છે તેમ, આ આત્મા એકલા ચૈતન્યહીરાથી ભરેલો છે. પહેલો તો બળદ હતો પણ આ તો ભગવાન છે. આવા ચૈતન્યભગવાનની અતીન્દ્રિય અમૃત આનંદરસની પરિણતિ જેને પ્રગટ થઈ છે, તેમાં તૃપ્ત થયો છે તેને કહે છે કે આવા નિજશુદ્ધાત્મતત્ત્વને છોડીને દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મ—જે દેહાદિ પરિગ્રહ તેમાં મનને લગાવીશ નહિ, અરે! જેનું ચિત્ત આનંદમાં ચોંટી ગયું છે તેને બીજે કયાંય ચિત્ત લગાવવા જેવું નથી. તેને વિકલ્પનું કે વિકલ્પના પ્રેમનું શું કામ છે! દુનિયાની પ્રસિદ્ધિનું તારે શું કામ છે! તું તારામાં તૃપ્ત થયો હવે તારે બીજાં પાસેથી તૃપ્તિની અપેક્ષા કયાં રહી?

જેનું મન અતીન્દ્રિય વિજ્ઞાનઘનના સુખમાં લાગ્યું છે તેને આઠકર્મનું શું કામ છે! તેને રાગાદિ ભાવકર્મનું શું કામ છે! તેને દેહાદિ પરિગ્રહમાં મન લગાવવાનું શું કામ છે! જેને આત્માના સુખની ખબર નથી તે તો બહારમાં પોતાને મોટો મનાવવા પાંચ-પચીશ હજાર રૂપિયા પણ ખંખેરી નાંખે છે. કોઈ એને મોટો કહે, સારો કહે, ઠીક કહે તો એને આનંદ આવે. પર પાસેથી મોટાઈની અપેક્ષા રાખનારો એવો જીવ હેરાન...હેરાન છે.

કોની પદવીને મોટી કહેવી! કોને તિલક કરવા? ભગવાન કહે છે તે તને તિલક કર્યા તો હવે જગતનું તારે શું કામ છે! અનંત ગુણનો ચૈતન્યરત્નાકર જેના હાથમાં આવ્યો—તેમાં દૃષ્ટિ સ્થાપી, શ્રદ્ધા-જ્ઞાનને આત્મામાં વાળ્યા તેને હવે બીજાનું શું કામ છે. સારાં કર્મ બંધાય તો સારાં ફળ મળશે એવો વિચાર તારે કરવાની જરૂર નથી. તારે કર્મ જ નથી. વિકલ્પ છે એ પણ તારાં સ્વરૂપમાં નથી.

અરે! આવા વીતરાગીતત્ત્વના તને ગાણાં ગાતાં પણ આવડતા નથી? રાગના

જ ગાણા ગાયા કરે છો? રાગના ગાણામાં જ રંગાઈ ગયો છો! કોઈ એના વખાણ કરે તો અજ્ઞાનીને બહુ ગમે, સાંભળ્યા જ કરે, રાત પડે પણ ઊંઘ ન આવે. જો વખાણ બહુ ગમે છે તો પૈસા દઈને માણસ રાખી લે એટલે એ તારાં વખાણ કર્યા જ કરે... તો તો તને જ કંટાળો આવી જશે.

આત્મામાં તો એકવાર જે એકાગ્ર થશે તે હવે એકાગ્રતા કર્યા જ કરશે. એકાગ્ર થતો થતો પરમાત્મા થઈ જશે. તેને તીર્થંકરગોત્રના ઊંચામાં ઊંચા કર્મનું પણ કાંઈ કામ નથી. ભગવાન આત્મામાં જેનું મન લાગી ગયું તેને રાંકાનું શું કામ છે!

એક તરફ રામ છે અને એક તરફ ગામ છે. આત્મારામમાં જેણે મીત સ્થાપી તેને ગામનું કાંઈ કામ નથી. આ વાત આવી એટલે હવે શિષ્ય પ્રશ્ન પૂછશે કે પરદ્રવ્ય કહેવા કોને? તે ૧૧૩ ગાથામાં આવશે. [ક્રમશઃ]

---

## 卐 વિશ્વાસ લાવ 卐

જીવોને હજુ પોતાના સ્વભાવનું માહાત્મ્ય જ આવ્યું નથી. ભાષામાં આત્માની મહિમા કરે પણ અંતરથી આત્માની મહિમા આવતી નથી. પણ ભાઈ! જ્યાં સુધી તું હૃદયમાં આત્માને સ્થાપીશ નહિ ત્યાં સુધી આત્મા હાથ નહિ આવે. અનુભવપ્રકાશમાં કહ્યું છે કે જ્યાં સુધી તું સંયોગમાં, રાગમાં, પુણ્યમાં, પાપમાં, નિમિત્તમાં કે વ્યવહારમાં ક્યાંય પણ પ્રભુતા સ્થાપીશ—મોટપ માનીશ ત્યાં સુધી આત્મા હાથ નહિ આવે માટે અંતરમાં તારી પ્રભુતાનો સ્વીકાર કર! હું જ પરમેશ્વર છું એમ પહેલાં નક્કી કર! વિશ્વાસ લાવ!

—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

# 卐 રાગનો રસીયો રાગનો કર્તા છે 卐

[ શ્રી નાટક સમયસાર શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

[ સળંગ પ્રવચન નં. ૫૦ ]

આ શ્રી નાટક સમયસાર શાસ્ત્ર છે. કર્તાકર્મક્રિયા દ્વારનું ૩૨મુ પદ્ય છે તેમાં મિથ્યાદૃષ્ટિ જીવ ભાવકર્મનો કર્તા થાય છે એ વાત સિદ્ધ કરી છે. ખરેખર, રાગ આત્માનું સ્વરૂપ નથી માટે રાગ આત્માથી ભિન્ન છે પણ મિથ્યાદૃષ્ટિ રાગને આત્માથી અભેદ માને છે. રાગમાં અભિન્નપણાનો તેને આગ્રહ છે તેથી તે રાગનો કર્તા થાય છે, અર્થાત્ મિથ્યાત્વભાવરૂપી વિકલ્પનો કર્તા થાય છે.

જેની દૃષ્ટિમાં પોતાના સ્વભાવના અસ્તિત્વનો અભાવ છે તે રાગના અસ્તિત્વને જ પોતાનું અસ્તિત્વ માનીને તેનો કર્તા થાય છે. નિજ સત્તાસ્વભાવની તેને ખબર નથી, પ્રેમ નથી. તેનો આદર નથી. પરદ્રવ્યનો આદર છે તેથી પરનો પોતાને કર્તા માનીને વિકલ્પનો કર્તા થાય છે; પરને તો કરી શકતો નથી. જ્ઞાનાનંદસ્વરૂપ સત્તાનો સ્વીકાર નથી એટલે જે વ્રત, ભક્તિ, દાનનો કે હિંસાદિ પાપનો જે વિકલ્પ ઊઠે છે તેનો તે કર્તા થાય છે.

ખરેખર આત્મા પરપદાર્થથી પાંગળો છે કેમ કે આત્મા પરપદાર્થથી રહિત છે. રાગથી પણ આત્મા રહિત જ છે પણ અજ્ઞાનીને પોતાનું સ્વરૂપ શું છે તે ખબર નથી તેથી રાગને જ સ્વરૂપ માનીને વિપરીત અભિનીવેશ કરી રાગનો કર્તા થઈને રાગને જ કર્યા કરે છે.

એને એમ થાય કે આ નજરે દેખાય છે કે હું પરના કામ કરું છું, પર મારા કામ કરે છે...અને તમે કહો છો કે આત્મા પરના કામ કરતો નથી!...ભાઈ! તારી નજર આત્મા ઉપર નથી એટલે આત્માની સત્તામાં શું થઈ રહ્યું છે તેની તને ખબર જ નથી. અને પરની સત્તામાં પરનું કાર્ય થઈ રહ્યું છે, મારાથી થતું નથી એની પણ તને ખબર નથી તેથી જ્યાં સુધી હું પરનો કર્તા છું, પર મારા છે એવી માન્યતા છે ત્યાં સુધી તેને વિભાવનું કર્તા-કર્મપણું ટળતું નથી.

જેને ચૈતન્યનો આનંદરસ નથી તે રાગના રસમાં ડૂબી ગયેલો છે તેથી રાગના રસિયાને રાગનું કર્તા-કર્મપણું છૂટી શકતું નથી. त्रिकल्पक परं कर्ता એમ પાઠમાં શબ્દ છે ને! परं એટલે ખરેખર. મિથ્યાદૃષ્ટિ જીવ પણ પરને તો કરી શકતો નથી અને યથાર્થ જ્ઞાન પણ કરતો નથી તે તો ખરેખર રાગનો જ કર્તા થાય છે.

કોઈ કહે છે કે 'પરનો કર્તા પોતાને ન માને તે દિગંબર જૈન નહિ.' ભાઈ! દિગંબર જૈન એ તો વસ્તુનું સ્વરૂપ છે તેને રાગનું કપડું પણ ન હોય. રાગનો કર્તા થાય છે તે પણ દિગંબર નહિ...એવી વાત છે. ત્યાં પરના કરવાપણાની વાત તો દૂર રહી ગઈ. વસ્તુ તો નિજસત્તા સ્વભાવરૂપ છે તેમાં રાગ કે પરનું કર્તૃત્વ ન હોય પણ મિથ્યાત્વી જીવ જ રાગનો કર્તા થાય છે. પરનું કાર્ય કરવું એ તો જીવની મર્યાદાની બહાર છે. મિથ્યાદૃષ્ટિની મર્યાદા એટલી કે તે, અનેક પ્રકારના રાગ અને દ્વેષને કરે છે પણ પરનું કરવું એ તો તેની મર્યાદા બહાર છે અને સ્વભાવના કાયને તો એ કરતો નથી તેથી માત્ર રાગાદિ વિકારીભાવને કર્યા કરે છે—વિકલ્પો કર્યા કરે છે. ૨૪ કલાકમાં રાગ કરવો એ એક જ મિથ્યાત્વીનું કાર્ય છે એ સિવાય બીજું કાંઈ તે કરતો નથી.

ભાવાર્થ :—મિથ્યાદૃષ્ટિ જીવ પોતાની ભૂલથી પરદ્રવ્યોને પોતાના માને છે. જોયું ? 'પોતાની ભૂલથી.' પરને પર નહિ જાણતાં, સ્વ માને છે પણ પર કદી પોતાના થતાં નથી. મફતનો અભિમાન કરે છે. અમારી હોંશિયારીથી આ દુકાન વ્યવસ્થિત ચાલે છે. સંતો કહે છે અરે! તારા લખ્ખણ (લક્ષણ) તો જો! જ્ઞાનને છોડીને અજ્ઞાનનો કર્તા થાય છે! ચિદાનંદ વસ્તુસ્વભાવનું આ કામ નથી ભાઈ! ધર્મી વિકારના કર્તા ન થાય.

૭૦ વર્ષ પહેલાં અમે દુકાનમાં બેઠા પણ ધંધો જ કર્યા ન કરતાં, સઝાય વાંચતાં, તેમાં દ્રૌપદીને વિદ્દેહનો રાજા ઉપાડી ગયેલો તેને છોડાવી લાવવા કૃષ્ણ સહિત પાંચેય પાંડવ ગયા હતાં ત્યાં કૃષ્ણની શૂરવીરતાની પરીક્ષા ન કરી અને ત્યાંથી આવીને કૃષ્ણની પરીક્ષા કરવા પાંડવોએ નૌકા મોકલી નહિ ત્યારે કૃષ્ણને ક્રોધ આવે છે અને દ્રૌપદી વિનવે છે એ બધું વર્ણન સઝાયમાં સરસ આવે છે.

પ્રભુજી! વિનવું બાહ બિછાય કે રોષ નિવારિયે રે લોલ...
પ્રભુજી! મોટા હોય દાતાર, બોલે મુખ મીઠડું રે લોલ...
પ્રભુજી! છોરૂ કછોરૂ થાય, માવતર કમાવતર ન થાય...

ત્યારે કૃષ્ણ કહે છે દ્રૌપદી! અમારી ગદા ઉપડી છે તે પાછી નહિ ફરે. કૃષ્ણ કોઈ સાધારણ પુરુષ થોડાં હતા ? મહાપુરુષો ઊંધા પડે તોપણ શૂરા અને સવળાં પડે તો મોક્ષ લઈ લે એવા હોય. કૃષ્ણ પણ ભવિષ્યે તીર્થંકર થવાના છે. આ મોટો ભગવાન આત્મા પણ અવળો પડે તો રાગને પોતાનો માનીને તેનો કર્તા થાય છે અને સવળો પુરુષાર્થ કરે તો સ્વભાવરૂપે પરિણમી જાય, રાગનો કર્તા ન થાય.

સટ્ટાના ધંધાવાળા દીધા-લીધા-દીધાં-લીધાં-એમ કર્યા કરે છે તેમ અજ્ઞાનદશામાં અજ્ઞાની રાગ અને દ્વેષ, રાગ અને દ્વેષ કર્યા જ કરે છે. મેં દીધું, મેં લીધું, મેં ખાધું,

મેં પીધું, મેં આટલાં આટલાં કામ કર્યાં એવા મિથ્યા અભિપ્રાયને સેવ્યા કરે છે. ત્રિલોકનાથ પરમાત્મા જગતમાં જાહેર કરે છે કે તેં અજ્ઞાનદશામાં અશુદ્ધભાવને જ કર્યાં છે. અશુદ્ધભાવનો જ કર્તા થયો છો. શુદ્ધભાવ જે ત્રિકાળ તારું સ્વરૂપ છે તેની તો તને ખબર જ નથી તેથી તેને તો તેં કર્યો જ નથી અને જડકર્મ કે શરીરાદિ પરદ્રવ્યને કરી શકતો નથી. તેથી તેનું કાર્ય પણ તેં કદી કર્યું નથી. એકલાં પુણ્ય-પાપ વિકારીભાવને જ કર્યા છે. અનાદિથી આ એક જ કામ અજ્ઞાની જીવે કર્યું છે.

આ ૫૦ મો કળશ થયો. હવે પરમા કળશ ઉપરનું ૩૩મુ પદ્ય લઈએ.

करै करम सोइ करतारा ।
जो जानै सो जाननहारा ।।
जो करता नहि जानै सोई ।
जानै सो करता नहि होई ।। ३ ।।

મૂળ પાઠમાં ખૂબી એ કહી છે કે, 'यः करोति स करोति केवल' જે રાગને કરે છે તે એકલાં રાગને જ કરે છે, થોડો શુદ્ધભાવ કરે અને થોડો અશુદ્ધભાવ કરે એમ હોતું નથી. ભગવાનને ભૂલીને ભૂલવાળો જીવ એકલી અશુદ્ધપરિણતિને જ કરે છે. અજ્ઞાની પરમાનંદને ભૂલેલો જીવ થોડો શુદ્ધભાવ પણ કરે અને થોડો અશુદ્ધ રાગ કરે એમ ત્રણકાળમાં બની શકતું નથી. એ ભલે માને કે હું શરીરાદિનું કાર્ય કરું છું પણ પરદ્રવ્યનું કાર્ય તો જીવ કરી શકતો જ નથી, કરે તો રાગને કરે, બાકી પરના કે પોતાના શુદ્ધભાવના કાર્યને અજ્ઞાની કરતો નથી.

જેણે ચૈતન્યના શુદ્ધ દ્રવ્યસ્વભાવને જોયો, જાણ્યો કે અનુભવ્યો નથી તે કરે તો કેવળ અશુદ્ધપરિણતિને કરે પણ શુદ્ધ પરિણતિને તે કરી શકતો નથી. જેણે ચૈતન્યના શુદ્ધ દ્રવ્યસ્વભાવને જોયો, જાણ્યો અને અનુભવ્યો છે તે તો એકલાં શુદ્ધપરિણામને જ કરે છે, તે અશુદ્ધપરિણામનો કર્તા થતો નથી. ટૂંકમાં, 'જાણનારો એકલું જાણે અને કરનારો એકલાં વિકારને કરે.'

શુદ્ધાત્માને જાણનારા જ્ઞાની તો જાણે છે કે, 'હું તો સદાય જ્ઞાન અને આનંદ-સ્વરૂપ છું. મારા હોવાપણામાં વિકાર-મેલનો ત્રિકાળ અભાવ છે. મારા સ્વભાવમાં તો શુદ્ધતાનો સદ્ભાવ છે.' આમ જેણે જાણ્યું તે તો જાણનાર જ રહે છે તેને રાગાદિ થાય છે એમ કહેવું તે ઉપચાર છે. ખરેખર તો એ જાણનાર જ છે. જે થાય તેને જાણે, જાય તેને જાણે, ઉદયને જાણે, ઉદયભાવને જાણે, ખરે તેને જાણે, બધાંને જાણે છે—તેનું જ નામ સમ્યગ્દૃષ્ટિ અને જ્ઞાની છે.

જેને આત્માનું ભાન થયું છે તે આખી દુનિયાનો કેવળ સાક્ષી રહે છે. રાગથી માંડીને જગતની બધી દશાઓનો તે કેવળ સાક્ષી છે—માત્ર દૃષ્ટા છે.

ભગવાન સર્વજ્ઞના મુખેથી આવેલી આ વાણી છે કે જે કોઈ રાગનો કર્તા થાય છે તે એકલો રાગનો કર્તા જ છે, તે જાણનાર રહી શકતો નથી અને જેને એમ ભાસ્યું કે હું એકલો જાણનાર—દેખનાર જ છું તે ત્રણકાળ ત્રણલોકને તથા રાગાદિ પરિણામને જાણનાર થઈને જ ઊભો રહે છે કર્તા થતો નથી.

કેટલી ખૂલ્લી વાત કરી છે કે એક નાનામાં નાના રાગના અંશનો કર્તા થાય છે તે કર્તા જ છે, તે વિકારને જ કરશે, જરાપણ ધર્મ કે વીતરાગી શાંતિને તે નહિ કરી શકે અને જે સ્વભાવના જ્ઞાન વડે જાણનાર થયો તે કેવળ જાણનાર જ રહે છે. નાના-મોટા કોઈ પણ રાગનો તે કર્તા થતો નથી.

ત્યારે પ્રશ્ન થાય કે જો જાણનાર કેવળ જાણનાર જ રહે છે તો પછી સમ્યગ્દૃષ્ટિ ચક્રવર્તી ૯૬૦૦૦ રાણીને પરણે, મોટાં મોટાં બંગલામાં રહે, ૧૬૦૦૦ દેવો જેની સેવા કરે, મણિ-રતન જડેલાં હીરાના સિંહાસનમાં બેઠા હોય, ઇન્દ્રો જેના મિત્ર હોય આવો બધો આડંબર શેનો? એમ પ્રશ્ન થાય પણ જ્ઞાની ખરેખર જાણનાર છે તે કોઈ આડંબર તેને ઉપાદેય નથી.

કાલે ગોંડલથી આવેલા મહેમાનમાં દીક્ષા લીધેલા બેન પણ હતાં એ લોકો કહેતાં હતાં કાંઈક સંભળાવો, કીધું કે અંદરમાં સમ્યગ્દર્શન વિના ધર્મની શરૂઆત થતી નથી. મારગ કોઈ જુદો જ છે બાપુ! રાગ અને વિકલ્પથી પાર ચૈતન્યના અનુભવ વિના સમ્યક્ત્વ ન હોય અને સમ્યક્ત્વ વિના ધર્મની શરૂઆત થાય નહિ, આ વાત આપણે તો દાંડી પીટીને કરી છે, કાંઈ ગુપ્ત રાખી નથી. સંપ્રદાયની દૃષ્ટિ છોડીને અમે સાધુ નથી એમ કહેનારા વિરલાઓ પણ કોઈક હોય છે. વીતરાગનો મારગ કોઈ જુદો અને લોકો બીજી રીતે માત્ર ક્રિયાકાંડમાં ધર્મી માની બેઠા છે.

અહા! સમ્યગ્દર્શન જેને થયું તે કેવળ જાણનાર-દેખનાર છે. તેને અશુદ્ધિનું કરવાપણું બિલકુલ નથી. જાણવા-દેખવાનું પરિણમન જ તેનું છે. રાગનું પરિણમન તેનું નથી અને જે કેવળ અશુદ્ધ પરિણમનનો જ કર્તા છે તે અંશે પણ જાણનાર રહેતો નથી.—તેને જાણનારની ભૂમિકા પ્રગટ થતી નથી.

આ તો વીતરાગ ત્રિલોકનાથના સંદેશા છે, સંતો તો વચ્ચે આડતિયા થઈને સંદેશા આપે છે. આહાહા...! ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકર ત્રિલોકનાથને એક સમયમાં ત્રણકાળ ત્રણલોકનું જ્ઞાન છે તેમની આ વાણી છે—જે કર્મ એટલે રાગને

કરે છે તે કર્તા છે અને જે જાણે છે તે જ્ઞાતા છે. જે કર્તા છે તે જ્ઞાતા હોતો નથી અને જે જ્ઞાતા છે તે કર્તા હોતો નથી.

જ્યાં સુધી દ્રવ્યની દ્રષ્ટિનું પરિણમન ન હતું ત્યાં સુધી અશુદ્ધિનું પરિણમન સ્વભાવમાં ન હતું છતાં ઊભું થયું હતું એ અશુદ્ધિનો જ જે કર્તા થયો તેને શુદ્ધતાનું કાંઈ ભાન નથી. પણ જ્યાં તેને સ્વભાવનું ભાન થયું અને શુદ્ધતાનું પરિણમન થયું ત્યાં અશુદ્ધિને તે બિલકુલ પોતાની માનતો નથી. જેમ એક મ્યાનમાં બે તલવાર ન રહી શકે તેમ રાગનો કર્તા પણ થાય અને જાણનાર પણ રહે એમ બે કાર્ય એક સાથે ન થઈ શકે. રાગ આવી જાય પછી એને એમ થાય કે આ રાગ આવ્યો પણ હું તો જાણનાર છું તો એ જાણનાર નથી. જે કાળે રાગ આવ્યો એ જ કાળે જાણનાર રહી શકતો નથી તે જ્ઞાતા નથી.

આ તો જીવના પોતાના ઘરની વાત છે. આ વાત સાંભળીને તરત ભલે સાચું જ્ઞાન ન થઈ જાય પણ અજ્ઞાનપણે પણ તેને ખ્યાલ તો આવવો જોઈએ, અવ્યક્તપણે પણ તેને રસ આવવો જોઈએ.

જે કર્તા થઈને પરિણમે છે તે જાણનારપણે રહી શકતો જ નથી. આવી વાત છે તેને મોંઘી કહો કે સરળ કહો પણ સિદ્ધાંત તો આમ છે. જે અશુદ્ધ પરિણમનનો કર્તા થાય છે તે સ્વને કે પરને કોઈને જાણતો નથી.

જેની દ્રષ્ટિ જાણનાર-દેખનારના અસ્તિત્વમાં જ પડી છે તે તો કિંચિત્ પણ રાગનો કર્તા થતો નથી. વ્યવહારરત્નત્રયના શુભઉપયોગને પણ તે કરતો નથી. વ્યવહાર-રત્નત્રય સાધન છે અને નિશ્ચયરત્નત્રય સાધ્ય છે એમ પંચાસ્તિકાયમાં આવે છે પણ તેનો અર્થ નીચે ફુટનોટમાં ખૂલ્લો કરી દીધો છે. (અર્થ ખો દિયા નાહિ હૈ, ખોલ દિયા હૈ).

જ્ઞાની **વેત્તિ** એટલે જાણે છે તે કવચિત્ એટલે ક્યારે પણ રાગને કરતો નથી. અરે પણ! જ્ઞાનીને લડાઈના ભાવ આવે છે ને! આવે છે. પણ જ્ઞાનીના તે ભાવ નથી. જ્ઞાની તેના સ્વામી નથી. આ વીતરાગનો મારગ બહારથી કલ્પના કરીને સમજી શકાય તેવો નથી. વીતરાગ મારગ કોઈ અલૌકિક છે. સો ઇન્દ્રોથી પૂજિત એવા ધર્મપિતાની પ્રણાલિકા કોઈ અલૌકિક છે. એકલી વીતરાગતા ઊભી કરે છે. અસ્થિરતા આવે છે પણ તેનો પણ જ્ઞાની જાણનાર રહે છે. એ જાણનાર રહેતાં...રહેતાં અસ્થિરતા ટળી જઈને એકલી વીતરાગતા જ્ઞાનદશા થઈ જશે. માટે શાસ્ત્રમાં કહ્યું છે કે જે કોઈ આત્માના જાણનાર થાય છે તે પછી કિંચિત્ રાગનો કર્તા થતો નથી.

જે જાણનારમાં રહ્યો છે તે અશુદ્ધપણે પરિણમતો નથી અને જે અશુદ્ધપરિણમનમાં પરિણમે છે તે જ્ઞાતા રહી શકતો નથી.

ભાવાર્થ:—મૂઢ અને જ્ઞાની બંનેની ક્રિયા જોવામાં એકસરખી લાગે છે પરંતુ બંનેના ભાવોમાં મોટો ફેર છે. અજ્ઞાની જીવ મમતાભાવના સદ્‌ભાવમાં બંધન પામે છે અને જ્ઞાની મમત્વના અભાવમાં અબંધ રહે છે.

પક્કડ પક્કડમાં ફેર હોય છે. જેમ બિલાડી મોઢામાં પોતાના બચ્ચાને પકડે અને ઉંદરને પકડે પણ પક્કડમાં ફેર હોય છે. બચ્ચાને તો પોચા મોઢે પકડે અને ઉંદરને તો ભીંસ આપીને પકડે છે. બહારથી તો માત્ર પકડેલું દેખાય તેમ, જ્ઞાની અને અજ્ઞાનીની બધી ક્રિયા બહારથી તો સરખી દેખાય છે પણ બંનેના ભાવમાં મોટો તફાવત હોય છે. અજ્ઞાની રાગમાં પકડાઈને કામ કરે છે અને જ્ઞાની જ્ઞાતામાં રહીને કામ કરે છે.

અજ્ઞાનીને સૂક્ષ્મ વિકલ્પથી માંડીને દરેક પ્રકારના રાગાદિમાં મમત્વ હોવાથી તેને કર્મોનું બંધન થાય છે અને જ્ઞાનીને તો જાણનાર-દેખનાર સ્વભાવમાં અહમ્ અને મમત્વ છે તેથી તે રાગમાં મમતા કરતો નથી તેથી બંધાતો નથી. એ તો અબંધ-પરિણામને ઉત્પન્ન કરે છે.

હવે ૫૨મા કળશના ૩૪મા પદ્યમાં કહે છે કે જે જ્ઞાની છે તે કર્તા નથી.

ग्यान मिथ्यात न एका, नहि रागादिक ग्यान महि ।
ग्यान कर्म अतिरेक, ग्याता सो करता नहीं ॥ ३४ ॥

અર્થ:—જ્ઞાનભાવ અને મિથ્યાત્વભાવ એક નથી અને જ્ઞાનમાં રાગાદિભાવ હોતા નથી. જ્ઞાનથી કર્મ ભિન્ન છે, જે જ્ઞાતા છે તે કર્તા નથી.

સ્વભાવભાવ અને વિભાવભાવ ભિન્ન ભિન્ન છે. સ્વભાવભાવમાં વિભાવભાવ ન હોય અને વિભાવભાવમાં સ્વભાવભાવ ન હોય. જ્ઞાનભાવ અને વિકલ્પને કોઈ રીતે મેળ નથી.

જુઓ! સ્ત્રી, પુત્રાદિ તો સ્વભાવથી ભિન્ન છે, ધંધો પૈસા આદિ તો ભિન્ન જ છે પણ જ્ઞાતા-દૃષ્ટા સ્વભાવમાં વિભાવ પણ તેનાથી જુદો છે એમ કહ્યું છે. જ્યાં જ્ઞાનભાવ પરિણમ્યો ત્યાં રાગભાવ થતો જ નથી. તેથી જ્યાં જાણનાર—ધર્મી થયો ત્યાં મિથ્યાત્વરૂપ રાગનું પરિણમન હોતું જ નથી એવો જ વસ્તુનો સ્વતઃ સ્વભાવ છે.

[ ક્રમશઃ ]

# ● પંચમકાળમાં કેવળજ્ઞાનનો ભણકાર ●

મતિજ્ઞાનની પર્યાયમાં કેવળજ્ઞાનનો નિર્ણય આવી જાય છે. મતિજ્ઞાન–પર્યાયનો જે નિર્મળ અંશ છે તે પૂર્ણ નિર્મળતાનો એક અંશ છે; પૂર્ણતાની પ્રતીતિ વગર તેના અંશનો યથાર્થ નિર્ણય હોય નહિ. રાગ અને મનના અવલંબન વગરનો જે મતિજ્ઞાન અંશ છે તેમાં પૂર્ણ કેવળજ્ઞાનનું પ્રત્યક્ષપણું નક્કી થઈ જાય છે. જો પૂર્ણ પ્રત્યક્ષનો નિર્ણય ન કરે તો તે અંશ પણ સાચો ન હોય. દ્રવ્યનો સ્વભાવ પૂર્ણ જાણવાનો છે, તે દ્રવ્યની સન્મુખ થઈને મતિજ્ઞાને તેનો નિર્ણય કર્યો તો તેમાં કેવળજ્ઞાનનો નિર્ણય પણ નિ:શંકપણે વર્તે છે. એ વાત શ્રી જયધવલામાં ઘણી સરસ આવી છે.

જુઓ! આ પંચમકાળમાં સંતોએ કેવળજ્ઞાનના ભણકાર બોલાવ્યા છે.

'કેવળજ્ઞાન તો અત્યારે નથી. તો તેનો નિર્ણય કેમ થઈ શકે?' એમ કોઈ શંકા કરે તો તેને કહે છે કે મતિજ્ઞાન ઉપરથી કેવળજ્ઞાનનો નિ:સંદેહ નિર્ણય અત્યારે પણ થઈ શકે છે, કેમ કે મતિજ્ઞાન તે કેવળજ્ઞાનનો જ અંશ છે. જ્યાં મતિજ્ઞાન સ્વસંવેદન પ્રત્યક્ષ થયું ત્યાં પૂર્ણ કેવળજ્ઞાનની પ્રત્યક્ષતાનો નિર્ણય થઈ જાય છે. અંશ પ્રત્યક્ષ થાય અને અંશીનો નિર્ણય ન થાય એમ બને નહિ. કેમ કે અંશ અંશીનો છે. 'કેવળજ્ઞાન થાય ત્યારે જ કેવળજ્ઞાનનો નિર્ણય થાય ને છદ્મસ્થના જ્ઞાનમાં કેવળજ્ઞાનનો નિર્ણય ન થઈ શકે' એમ જે માને તેનું જ્ઞાન જ મિથ્યા છે. અંશના નિર્ણયમાં અંશીનો નિર્ણય આવી જ જાય છે. છદ્મસ્થને મતિજ્ઞાન સ્વસંવેદન પ્રત્યક્ષ થયું તેમાં પૂર્ણપ્રત્યક્ષ કેવળજ્ઞાનનો નિર્ણય થઈ જાય છે. અંશીના નિર્ણય વિના અંશ કોનો છે તે કયાંથી નક્કી થાય? જેમ લોકમાં પણ ઇન્દ્રિયજ્ઞાનથી થાંભલાનો એક ભાગ નજરે દેખાતાં 'આખો થાંભલો નજરે દેખ્યો' એમ કહેવાનો વ્યવહાર છે. તેમ આખા કેવળજ્ઞાનના એક અંશરૂપ મતિજ્ઞાન સ્વસંવેદન પ્રત્યક્ષ થતાં, 'આખું કેવળજ્ઞાન પ્રત્યક્ષ છે'—એવો નિ:સંદેહ નિર્ણય થઈ જાય છે. ભલે મતિજ્ઞાનમાં આખું કેવળજ્ઞાન આવી જતું નથી, પણ મતિજ્ઞાનમાં કેવળજ્ઞાનનો નિર્ણય તો આવી જાય છે.

અંશીને જાણ્યા વિના અંશ પણ નક્કી થઈ શકે નહિ. પુસ્તકનો અમુક ભાગ દેખાતાં "આ પુસ્તકનો આ ભાગ છે" એમ નક્કી થયું તો ત્યાં આખા પુસ્તકના

નિર્ણય વિના "આ અંશ આ પુસ્તકનો જ છે" એવી નિઃશંકતા થઈ શકે નહિ. જો અંશીનું જ્ઞાન ન હોય તો "આ અંશ પુસ્તકનો છે કે લાકડાનો" એવી શંકા રહ્યા કરે. માટે અંશની પ્રત્યક્ષતામાં અંશીનો નિર્ણય આવી જાય છે. તેમ મતિજ્ઞાન તે જ્ઞાનનો અંશ છે. "આ મતિજ્ઞાન છે તે અંશ છે" એમ કહેતાં જ તેમાં પૂર્ણ અંશી એવા કેવળજ્ઞાનનો નિર્ણય પ્રત્યક્ષ આવી જાય છે. જો પૂર્ણ કેવળજ્ઞાનનો નિઃસંદેહ નિર્ણય ન કર્યો હોય તો "આ મતિજ્ઞાન-અંશ કેવળજ્ઞાનનો છે" એમ ક્યાંથી નક્કી કર્યું? એટલે ખરેખર મતિજ્ઞાનના નિર્ણયમાં અંશ અને અંશી એવા ભેદની શંકા જ ઊઠતી નથી, અંશ છે ને અંશી નથી—એવો તર્ક જ સમ્યક્ મતિજ્ઞાનમાં ઊઠતો નથી. જ્ઞાનનો એવો સ્વભાવ છે કે અંશ અને અંશીને ભેગા જ નક્કી કરે છે. આત્મા સર્વને સર્વ પ્રકારે જાણે-દેખે છે—એમ જે પર્યાયે નક્કી કર્યું તે પર્યાયમાં કેવળજ્ઞાનની શંકા જ ન રહે. જો કેવળજ્ઞાનની શંકા રહે તો તે પર્યાયે આત્માનો જ્ઞાનસ્વભાવ જ નક્કી કર્યો નથી. તે નક્કી કર્યા વિના મતિજ્ઞાન-અંશનો પણ નિર્ણય થતો નથી, દેવ-શાસ્ત્ર-ગુરુને શું કહેવું છે તેનો પણ નિર્ણય થતો નથી. જો મતિજ્ઞાનમાં પૂર્ણનો નિર્ણય ન આવે તો તે મતિજ્ઞાન કોના તરફ વળશે? જો કેવળજ્ઞાનનો નિર્ણય ન કરે તો તે મતિજ્ઞાન જ ખોટું છે. તે મતિજ્ઞાન 'અંશીનો અંશ' થયો જ નથી.

વળી તે મતિજ્ઞાન ઇન્દ્રિયજ્ઞાનના અવલંબને કાર્ય કરતું નથી, પણ સામાન્યના આશ્રયે જ કાર્ય કરે છે. જો ઇન્દ્રિયોથી મતિજ્ઞાન થતું હોય તો સામાન્યનું વિશેષ ન રહ્યું! માટે સામાન્યમાંથી જ વિશેષ થાય છે. સામાન્યના આશ્રયે જ મતિજ્ઞાન કાર્ય કરે છે. મતિજ્ઞાન અંતર્મુખ થતાં તેમાં કેવળજ્ઞાનની શંકા રહેતી નથી. અંશમાં આખાનો નિર્ણય થઈ જાય છે. મતિજ્ઞાન પોતે જ્ઞાનનો અંશ છે, તે અંશ વડે આખા અંશીનું નક્કી કર્યું છે. તે નિર્ણયમાં 'અમુક અંશ પ્રત્યક્ષ છે ને અમુક પરોક્ષ છે' એવા ભેદ નથી. સર્વને જાણવાનો જ્ઞાનનો સ્વભાવ છે—એમ જ્યાં મતિજ્ઞાને અંતર્મુખ થઈને નક્કી કર્યું ત્યાં તેમાં કેવળજ્ઞાનની શંકા રહેતી નથી. પૂર્ણજ્ઞાન પ્રગટે ત્યારે જ તેનો નિર્ણય થાય—એમ નથી, પણ સાધકને અંશમાં અંશીનો નિર્ણય થઈ જાય છે.

હું સર્વને જાણનાર-દેખનાર સ્વસંવેદ્ય આત્મા છું એમ જ્યાં મતિજ્ઞાનને નક્કી કર્યું ત્યાં તે મતિજ્ઞાનમાં કેવળજ્ઞાનનો નિઃસંદેહ નિર્ણય આવી જાય છે. મતિ-શ્રુતજ્ઞાનને અંતરમાં વાળીને આત્મસ્વભાવને ઓળખીને તેમાં જે એકાગ્ર થાય તેને જ પ્રત્યાખ્યાન હોય છે.

—પૂજ્ય ગુરુદેવ

# સગર ચક્રવર્તીની વૈરાગ્ય ને પુરુષાર્થપ્રેરક કથા

દેવોથી પૂજિત ભગવાન જિનેન્દ્રનાથને નમસ્કાર કરીને બીજા ચક્રવર્તી સગરનું વૈરાગ્યપ્રેરકચારિત્ર કહે છે.

જંબૂદ્વીપના પ્રસિદ્ધ તથા સુંદર વિદેહક્ષેત્રની પૂર્વદિશામાં સીતાનદીની પશ્ચિમ તરફ વત્સકાવતી નામનો એક દેશ છે. તેની રાજધાની પૃથિવીનગરના રાજાનું નામ જયસેન હતું. જયસેનની રાણી જયસેના હતી. તેમના રતિષેણ તથા ધૃતિષેણ નામના બે પુત્રો હતાં. બન્ને ભાઈ સુન્દર તથા ગુણવાન હતાં. રતિષેણ અચાનક મરી ગયો. રાજા જયસેન પુત્રના શોકથી દુ:ખી થઈ ધૃતિષેણને રાજય આપી મારુત તથા મિથુન રાજા સાથે યશોધરમુનિ પાસે દીક્ષા લઈ મુનિ થઈ ગયા. ઘણાં દિવસો સુધી તેઓએ તપસ્યા કરી. સન્યાસ સહિત શરીર છોડી સ્વર્ગમાં મહાબલ નામના દેવ થયા. તેમની સાથે મારુતે દીક્ષા લીધેલી તે પણ એ જ સ્વર્ગમાં મણિકેતુ નામનો દેવ થયો. એક દિવસ બંનેએ રમુજ કરતાં ધર્મપ્રેમથી પ્રતિજ્ઞા કરી કે આપણા બેમાંથી જે પહેલાં મનુષ્ય-જન્મ ધારણ કરે તેને સ્વર્ગમાં રહેવાવાળો દેવ જઈને સમજાવે તથા સંસારથી ઉદાસીનતા કરાવી જિનદીક્ષા સન્મુખ કરે.

મહાબલની આયુ ૨૨ સાગરની હતી. ઇચ્છીત સ્વર્ગસુખ ભોગવી આયુના અંતે પુણ્ય-પ્રભાવથી તે અયોધ્યાના રાજા સમુદ્રવિજયની રાણી સુકતાને 'સગર'નામનો પુત્ર થયો. તેની ઉંમર ૭૦ લાખ પૂર્વ વર્ષોની હતી. તેના સોના સમાન ચમકતાં શરીરની ઊંચાઈ સાડાચારસો ધનુષ અર્થાત્ ૧૫૭૫ હાથની હતી. તેની અનુપમ સુંદરતા જોઈ સૌ ખુશ થતા હતાં. સગરે રાજ્યશ્રી પ્રાપ્ત કરી પૃથ્વીના છ ખંડ જીતી લીધા; પોતાના બાહુબલથી બીજા ચક્રવર્તીનું માન મેળવ્યું.

એક સમયે સિદ્ધવનમાં ચતુર્મુખ મહામુનિને કેવળજ્ઞાન થયું. સ્વર્ગના દેવ વિદ્યાધર તથા રાજા--મહારાજા તેમની પૂજા માટે આવ્યા. સગરચક્રી પણ ભગવાનના દર્શન માટે આવ્યા હતા.

સગરને આવ્યા જોઈ મણિકેતુએ કહ્યું કે રાજરાજેશ્વર! શું અચ્યુત સ્વર્ગની વાત યાદ છે? જ્યાં તમે અને મેં પ્રતિજ્ઞા કરી હતી કે આપણા બન્નેમાંથી જે પહેલાં મનુષ્ય જન્મ લેશે તેને સ્વર્ગના દેવ જઈને સમજાવશે તથા સંસારથી ઉદાસીન કરી તપસ્યા

સન્મુખ કરશો. તમે ઘણો સમય સુધી રાજ્ય-સુખ ભોગવ્યું. હવે તેને છોડવાનો પ્રયત્ન કરવો જોઈએ. વિષય-ભોગ દુઃખનું કારણ તથા સંસારમાં રખડવાનું કારણ છે. તમે સ્વયં બુદ્ધિમાન છો. વિશેષ હું શું સમજાવી શકું? મેં તો મારી પ્રતિજ્ઞા પાલન કરવા માટે તમને વિનંતી કરી છે. મને પૂર્ણ વિશ્વાસ છે કે તમે આ ક્ષણભંગુર વિષયોથી વિરક્ત થઈ જિનભગવાનનો પરમ પવિત્ર તપોમાર્ગ સ્વીકાર કરશો. મણિકેતુના આ ઉપદેશથી પુત્રમોહી સગર પર કાંઈ અસર ન થઈ. મણિકેતુએ જોયું કે આ સાંસારિક માયાજાળમાં એટલો ફસાયેલો છે કે તેને વિષયભોગોથી વંચિત કરવું મુશ્કેલ જ નહીં, અસંભવ છે. આગળ જોઈશું. આ વિચાર કરી મણિકેતુ પોતાના સ્થાને ચાલ્યો ગયો. કાળલબ્ધિ વિના કલ્યાણ કેવી રીતે થાય?

થોડા સમય બાદ મણિકેતુના મનમાં ફરી એકવાર વિચાર આવ્યો કે હવે બીજા પ્રયત્નથી સગરને તપસ્યા સન્મુખ કરવો જોઈએ. પછી ચારણમુનિનો વેષ બનાવીને સગરના જિનમંદિરમાં આવ્યો અને ભગવાનના દર્શન કરી ત્યાં જ રહી ગયો. તેની નાની ઉંમર અને સુંદરતા જોઈ સગરને ખૂબ આશ્ચર્ય થયું. સગરે પૂછ્યું કે મુનિરાજ! તમે આ નાની ઉંમરમાં હજી સંસારનું કાંઈ સુખ નથી જોયું તો આવા કઠિન યોગને શા માટે ધારણ કર્યો છે? મને તો તમને યોગી જોઈને ખૂબ આશ્ચર્ય થઈ રહ્યું છે. મુનિવેષી મણિકેતુએ જવાબ આપ્યો કે મારો વિશ્વાસ છે કે સંસારમાં સુખ છે જ નહિ. જ્યાં જોઉં છું ત્યાં દુઃખ અને અશાંતિ જ નજરે પડે છે.

આ જુવાની પળભરમાં વિજળીની જેમ ચમકીને અદૃશ્ય થઈ જશે. આ વિષય-ભોગ સાપ સમાન ભયંકર છે. સંસારરૂપી અથાગ સમુદ્ર નાના પ્રકારના દુઃખરૂપી જળ-જીવોથી ભરેલો છે જેને પાર કરવો જીવો માટે દુષ્કર છે. તો પુણ્યથી જો આ શરીર મળ્યું છે તેને આ અથાગ સમુદ્રમાં ડૂબી જવા દઈએ કે જિનેન્દ્ર ભગવાનના બતાવેલા તપરૂપી નાવ દ્વારા તેને પાર કરવાનો યત્ન કરીએ? હું તો આ અસાર સંસારથી પાર થવાનો પ્રયત્ન કરવો એ મારું કર્તવ્ય તથા દુર્લભ મનુષ્યદેહ મળ્યાનું ફળ સમજું છું. તમને પણ આ જ સલાહ આપું છું. આ નાશવાન માયા-મમતાને છોડી ક્યારેય પણ નાશ ન થવાવાળી મોક્ષલક્ષ્મીનો યત્ન કરો. મણિકેતુએ ઘણાં દૃષ્ટાંતોથી સગરને સમજાવવાનો પ્રયત્ન કર્યો. પરંતુ બધું જાણતાં હોવા છતાં પુત્રપ્રેમવશ તે સંસાર છોડી ન શક્યો. મણિકેતુને બહુ દુઃખ થયું કે સગરને હજી પણ સંસારની તુચ્છતા નથી આવતી, ઊલટું એમાં જ ફસાતો જાય છે. લાચાર થઈ તે સ્વર્ગમાં પાછો ચાલ્યો ગયો.

એક દિવસ સગર રાજસભામાં સિંહાસન પર બેઠા હતાં. તે સમયે તેમના પુત્રોએ આવીને પ્રાર્થના કરી કહ્યું કે પિતાજી! અત્યાર સુધી તમારી આજ્ઞાનુસાર અમે લોકોએ

ભોગ ભોગવ્યા, પણ હવે અમે લાચાર છીએ, અમારું મન અહીં બિલકુલ નથી લાગતું, તમે અમને કોઈ કાર્ય સોંપો. સગરે એમના આગ્રહ જોઈને કહ્યું કે મારી ઇચ્છા નથી કે તમને કોઈ કષ્ટ પડે, પરંતુ તમે માનતા નથી એટલે એક કામ બતાવું છું કે શ્રીમાન ભરત સમ્રાટે કૈલાસપર્વત પર ચૌવીશ તીર્થંકરોના ચૌવીશ મંદિર બનાવ્યા છે તે બધા સોનાના છે તથા તેમાં બેસુમાર ધન ખર્ચ થયો છે. તેમાં જે ભગવાનની પવિત્ર પ્રતિમાઓ છે તેની રક્ષા કરવી બહુ જરૂરી છે એટલે તમે કૈલાસની ચારે તરફ એક ઊંડી ખાઈ ખોદીને તેમાં ગંગાનું પાણી ભરી દો જેથી કોઈ પણ મંદિરોને નુકશાન ન પહોંચાડી શકે.

સગરપુત્રો પિતાની આજ્ઞા સાંભળી ખુશ થયા. નમસ્કાર કરી બહુ ઉત્સાહથી કામ માટે ચાલી નીકળ્યા. કૈલાસ પર પહોંચીને કેટલાય વર્ષોના કઠિન પરિશ્રમથી ચક્રવર્તીના દંડરત્નની સહાયતાથી પોતાના કાર્યમાં પૂર્ણ સફળતા મેળવી.

હવે તે મણિકેતુની તરફ નજર કરીએ. તેણે સગરને સંસારથી ઉદાસીન કરવા માટે બે વાર પ્રયત્ન કર્યાં, પણ જે સમય સગરના સાઈઠ (૬૦) હજાર પુત્રો ખાઈ ખોદીને ગંગાનો પ્રવાહ લાવવા માટે હિમવાન પર્વતપર ગયા તથા દંડરત્ન દ્વારા પર્વત તોડવા માટે તેના પર ચોટ મારી તે સમયે મણિકેતુએ એક મહાવિષધર સર્પનું રૂપ ધારણ કરી, જેની હુંકાર માત્રથી માઈલો દૂરના જીવજંતુ મરીને ભસ્મ થઈ જાય તેવી પોતાની ઝેરીલી હવા છોડી. જોતજોતામાં તો બધા પુત્રો બળીને ભસ્મ થઈ ગયા સત્પુરુષો બીજાની ભલાઈ કરવા તેનું જ અહિત કરીને તેને જ હિત તરફ લગાવે છે. મંત્રીઓને પુત્રોનાં મરવાની ખબર પડી પણ તેઓએ રાજાને વાત ન કરી, કારણ કે પુત્રમરણના મહા દુઃખને રાજા સહન નહિ કરી શકે. ત્યારે મણિકેતુ બ્રાહ્મણનું રૂપ ધારણ કરી સગર પાસે આવ્યો, દુઃખ સાથે રોતાં રોતાં બોલ્યો, રાજાધિરાજ ! આપ જેવા ન્યાયપ્રિય રાજાના હોવા છતાં મને અનાથ થવું પડયું. મારી આંખોનો એક માત્ર તારો, પાપી લોકોએ જબરદસ્તી મારાથી છીનવીને લઈ ગયા. મને ઘર ઘરનો ભિખારી બનાવ્યો તેનાથી મોટું દુઃખ કયું હશે ? પ્રભુ ! આજે દુષ્ટોએ મને બે-મોત મારી નાખ્યો છે. તમે મારી રક્ષા કરો. સગરે તેને આશ્વાસન આપી કહ્યું, બ્રાહ્મણદેવ ડરો નહિ, વાત શું છે તે મને કહો. હું તમારું દુઃખ દૂર કરવાનો પ્રયત્ન કરીશ. બ્રાહ્મણે કહ્યું, મહારાજ શું કહું ? કહેતાં મારી છાતી ફાટી જાય છે એમ કહીને તે રોવા લાગ્યો. ચક્રવર્તીને એથી ખૂબ દુઃખ થયું. તેણે આગ્રહ કરવાથી મણિકેતુએ કહ્યું અચ્છા ! તો મારી દુઃખ-કહાની સાંભળો. મારો એક પુત્ર હતો જે મને કમાવીને ખવડાવતો પીવડાવતો પરંતુ આજે મારું ભાગ્ય ફૂટી ગયું, તેને કાળ નામનો લૂંટારો જબરદસ્તી મારા હાથોથી

છીનવીને લઈ ગયો, હું ખૂબ રડયો, કલ્પાંત કર્યું, દયાની ભીખ માંગી પણ તે પાપીએ મારી તરફ આંખ ઊંચી કરીને જોયું પણ નહીં. તમે મારા પુત્રને તે પાપી પાસેથી છોડાવીને લઈ આવો. નહિ તો મારા પ્રાણ નીકળી જશે. સગરને કાળ લૂંટારાનું નામ સાંભળીને હસવું આવ્યું. તેણે કહ્યું મહારાજ! તમે બહુ ભોળા છો. ભલા, જેને કાળ લઈ જાય એ શું પાછો જીવતો આવી શકે? કાળ તો પોતાનું કાર્ય કરતો જાય છે. ચાહે કોઈ બુઢ્ઢા હોય, જવાન હોય કે બાળક, બધા પ્રત્યે તેને સમાનભાવ છે. તમે તો તમારા પુત્ર માટે રડો છો પણ તે જલ્દી તમને પણ લઈ જશે. તમે જો એનાથી તમારી રક્ષા કરવા ઇચ્છતા હો તો જઈને મુનિ થઈ જાવ તથા આત્મકલ્યાણનું કાર્ય કરો, તેના સિવાય કાળ પર વિજય મેળવવાનો કોઈ બીજો ઉપાય નથી. બ્રાહ્મણે આ સાંભળી કહ્યું કે જ્યારે કાળથી કોઈ મનુષ્ય બચી શકતો નથી તો લાચારી છે. હા, મહારાજ! એક જરૂરી વાત કરતા તો હું ભૂલી ગયો. ક્ષમા કરો. જ્યારે હું રસ્તામાં આવી રહ્યો હતો તો લોકો આપસમાં વાતો કરી રહ્યા હતા કે મહારાજના પુત્રો કૈલાસપર્વતની રક્ષા માટે ખાઈ ખોદવા ગયા હતા તે બધા એકી સાથે સર્પના વિષથી મરી ગયા. બ્રાહ્મણનું કહેવું પૂરું ન થયું ત્યાં તો સગર મૂર્છિત થઈને નીચે પડી ગયો. આવા ભયંકર સમાચાર સાંભળીને કોને મૂર્છા ન આવે? ઉપચારોથી સગરને હોશમાં લાવ્યા ત્યારબાદ મોકો જોઈને મણિકેતુએ આવી સંસારની દશા બતાવીને ખૂબ ઉપદેશ આપ્યો. આ વખતે પ્રયત્ન સફળ થયો. સગરે ભગીરથને રાજ્ય આપી દૃઢધર્મ કેવળી પાસે દીક્ષા લઈ લીધી જે સંસારચક્રથી છોડવવાવાળી છે.

સગરે દીક્ષા લીધા બાદ મણિકેતુ કૈલાસપર્વત પર પહોંચ્યો અને સગરના પુત્રોને માયાગતિથી સચેત કરી બોલ્યા સગર-પુત્રો! તમારા મૃત્યુના સમાચાર સાંભળી તમારા પિતાને અત્યંત દુઃખ થયું તથા સંસારને અસાર સમજી તે સાધુ થઈ ગયા છે. મહારાજે દીક્ષા લીધા બાદ હું તમને શોધવા નીકળ્યો છું, સારું થયું તમે મને મળી ગયા. હવે તમે રાજધાનીમાં જલ્દી ચાલો. પોતાના પિતાની દીક્ષિત થઈ જવાની વાત સાંભળીને સગરપુત્રોએ કહ્યું કે મહારાજ! તમે જાઓ, હવે અમે ઘેર નહીં આવીએ. અમારા માટે પિતાશ્રીએ રાજપાટ છોડીને મુનિ થઈ ગયા તો શું અમો આરામ ભોગવીએ? પૂજ્ય પિતાશ્રીએ જે માર્ગને ઉત્તમ સમજી ગ્રહણ કર્યો છે તે જ માર્ગ અમારા માટે અનુકરણીય છે. તમે કૃપા કરીને ભાઈ ભગીરથને કહેજો કે તે અમારા માટે ચિન્તા ન કરે. બ્રાહ્મણને કહીને તે બધા ભાઈઓ દૃઢધર્મ કેવળી ભગવાનના સમવસરણમાં આવ્યા અને પિતાની જેમ દીક્ષા લઈને મુનિ થઈ ગયા.

ભગીરથને ભાઈઓનો વૃત્તાંત સાંભળીને વૈરાગ્ય થયો, તેની ઇચ્છા પણ યોગી બનવાની થઈ પરંતુ રાજ્યનો ભાર તેના ઉપર હોવાથી તે દીક્ષા ન લઈ શકયો. મુનિઓથી જિનધર્મનો ઉપદેશ સાંભળી શ્રાવકોના વ્રત ધારણ કર્યા. મણિકેતુનાં બધા કાર્યો સફળ થઈ ગયા ત્યારે તે પ્રગટ થયો તથા તે મુનિઓને નમસ્કાર કરી બોલ્યા, મેં તમારો બહુ મોટો અપરાધ કર્યો છે. તમે લોકો જૈનધર્મના સાચા તત્ત્વના જ્ઞાની છો એટલે આ સેવકને ક્ષમા કરો. ત્યારબાદ મણિકેતુએ પૂર્વની ઘટના કહી સંભળાવી, સાંભળીને તેમને ખૂબ જ પ્રસન્નતા થઈ અને કહ્યું કે દેવરાજ! આમાં તમારો શો અપરાધ છે કે જેની તમને ક્ષમા કરીએ! તમે તો અમારા પર મહાન ઉપકાર કર્યો છે. જેના માટે અમે તમારા ઋણી છીએ. મિત્રના સંબંધે તમે જે કાર્ય કર્યું છે એ કરવા માટે તમારા સિવાય કોણ સમર્થ છે અર્થાત્ કોઈ નથી. તમે જિનભગવાનના સાચા ભક્ત છો. સગર પુત્રોનો આ રીતે સંતોષપૂર્વક ઉત્તર સાંભળી મણિકેતુ ખૂબ પ્રસન્ન થયા. પછી તેમને નમસ્કાર કરી સ્વર્ગમાં ચાલ્યા ગયા. આ મુનિસંઘ વિહાર કરતાં સંમેદશિખરજી આવ્યો. ત્યાં જ કઠીન તપસ્યા કરી શુકલધ્યાનના પ્રભાવથી નિર્વાણ પ્રાપ્ત કર્યું.

ભગીરથે પોતાના ભાઈઓએ મોક્ષ પ્રાપ્ત કર્યાના સમાચાર જાણ્યા તો તેને પણ વૈરાગ્ય થઈ ગયો. વરદત્ત પુત્રને રાજ્ય સોંપી કૈલાસ પર્વત પર જઈને શિવગુપ્ત મુનિરાજ પાસે દીક્ષા ગ્રહણ કરી. મુનિ થઈને ભગીરથે ગંગાતટ પર કયારેક પ્રતિમા-યોગથી, કયારેક આતાપનયોગથી અલગ પ્રકારના આસનો દ્વારા ઘોર તપસ્યા કરી. તેની તપસ્યાથી પ્રસન્ન થઈ દેવતાઓએ ક્ષીરસમુદ્રના જળથી ભગીરથના ચરણ અભિષેક કર્યો. તે અભિષેકના જળનો પ્રવાહ ગંગામાં ગયો. ત્યારથી ગંગા તીર્થરૂપમાં પ્રસિદ્ધ થઈ તથા તેમાં સ્નાન કરવું એ પુણ્ય મનાવા લાગ્યું. તપ-બળથી અંતમાં કર્મોનો નાશ કરી ભગીરથે જન્મ-જરા-મરણથી રહિત મોક્ષસુખને પ્રાપ્ત કર્યું.

(—ઉત્તર પુરાણમાંથી)

[ વૈરાગ્યજનની...... પૃષ્ઠ ૨૬નું ચાલુ ]

મુનિ તો સરળતાથી પોતાનો દોષ જાહેર કરે છે. સંતમુનિ તો પોતાના સ્વરૂપમાં લીનતા કરે છે. એમને કોઈ અલ્પ દોષ રહી ગયો હોય તેનું પ્રાયશ્ચિત્ત કરે છે. જે કાળે, જે ક્ષેત્રે, અને જે નિમિત્તે જે થવાનું હશે તે થશે તેની પ્રતીત તો મુનિને પહેલાં થઈ છે. ઇન્દ્ર નરેન્દ્રાદિ કોઈ પણ તેમાં ફેરફાર કરવાને સમર્થ નથી એવો વિશ્વાસ તો મુનિને હોય છે અને એવા વિશ્વાસપૂર્વક અંતરમાં વિશેષ શાંતિ વધી ગઈ છે એવા મુનિને કોઈ દોષ રહી ગયો હોય છે તેની આ વ્યવહાર-આલોચના છે. તેને પણ મુનિ બરાબર જાણે છે અને ફરી એવો દોષ થવા દેતા નથી, મુનિ સરળચિત્તથી બાળકની જેમ આલોચના કરે છે તે પ્રાયશ્ચિત્ત તપ છે.

[ક્રમશઃ]

# વૈરાગ્યજનની : બાર ભાવના

[ શ્રી સ્વામિકાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

જુઓ, આ તપનો અધિકાર ચાલે છે. લોકો જેને તપ માને છે તેની વાત નથી. પણ આત્માની પ્રાપ્તિ અને જ્ઞાનપૂર્વક તેમાં લીન થતાં રાગ ઘટી જાય, તેને તપ કહે છે. આત્માને સમજ્યા વિના મંદકષાય કરે તો પુણ્યબંધ થાય પણ ધર્મ કે તપ તેને હોય નહીં. પર તરફથી ઉદાસ થઈ સ્વ તરફ એકાગ્ર થાય છે તે તપ છે. તેમાં પાંચમા વિવિક્તશય્યાસન તપની વાત ચાલે છે.

ભાવાર્થ :– મહામુનિ, વિવિક્તશય્યાસન કરે છે, ત્યાં તેઓ એકાંત ધ્યાનમાં સૂએ-બેસે છે, કે જ્યાં ચિત્તમાં ક્ષોભ કરવાવાળા કોઈ પણ પદાર્થો ન હોય, એવા સૂના ઘર, ગિરિગૂફા, વૃક્ષનાં કોતર ગૃહસ્થોએ પોતે બનાવેલાં ઉદ્યાન-વાટિકાદિક, દેવ-મંદિર તથા સ્મશાનભૂમિ ઇત્યાદિ એકાંત સ્થાન હોય, ત્યાં ધ્યાન અધ્યયન કરે છે, કારણ કે તેઓ દેહથી તો નિર્મમત્વ છે. વિષયોથી વિરક્ત છે અને પોતાના આત્મ-સ્વરૂપમાં અનુરાગી છે એવા મુનિ વિવિક્તશય્યાસનતપ સંયુક્ત હોય છે.

અંતરમાં ભાવલિંગ હોય ને બાહ્યમાં નગ્નદશા હોય તે મુનિ છે, એ સિવાય મુનિ ન જ હોય. તે મુનિને સૂવા-બેસવામાં સ્થાન એવા હોય છે કે જેમાં રાગનો અભાવ થાય છે. ખરેખર તો આત્માથી રાગનો અભાવ થાય છે. બહારના કારણે થતો નથી, પણ શાસ્ત્રમાં વ્યવહારકથનથી આવે કે મુનિ એકાંત સ્થાનમાં રહે છે તો વિવિક્તશય્યાસન તપ છે. મુનિને પરપદાર્થનું લક્ષ છૂટી ગયું હોય છે એટલે તેમને ક્ષોભ થતો નથી પણ આત્મામાં ઘણી શાંતિ વર્તે છે !

જેમ કોઈ પૈસાનો સંગ્રહ કરીને ગુપ્તરીતે તેને ભોગવે છે, બીજા કોઈને ખબર પડવા દેતો નથી તેમ મુનિ ગુપ્ત રીતે પોતામાં આનંદનો સંગ્રહ કરે છે અને તેને ભોગવે છે. આવું મુનિનું સ્વરૂપ છે. ભગવાન પછી ૬૦૦ વર્ષ સુધી તો એક જ ધારાએ વીતરાગમાર્ગ ચાલતો હતો ત્યારબાદ ઘણો ફેરફાર થઈ ગયો. મુનિ તો વસ્તીની બહાર રહે અથવા ભગવાનના મંદિરોમાં વસે છે. સ્મશાનમાં પણ વસે છે અને ત્યાં ધ્યાન ધરીને બેસે. ખરેખર તો આત્માના આનંદરૂપી નિર્ભય સ્થાનમાં મુનિ રહે છે. એવા મુનિ વિવિક્તશય્યાસન તપ સંયુક્ત છે. હવે કાયક્લેશતપની વાત કહે છે. આ બાહ્યતપનો છઠ્ઠો ભેદ છે.

दुस्सहोपसर्गजयी आतापनशीतवातखीन्नः अपि ।
यः न अपि खेदं गच्छति कायक्लेशं तपः तस्य ॥ ४५० ॥

અર્થ:—જે મુનિ, દુસ્સહ ઉપસર્ગને જીતવાવાળો હોય, આતાપ-શીત-વાતથી પીડિત થવા છતાં પણ ખેદને પ્રાપ્ત ન થતો હોય તથા ચિત્તમાં ક્ષોભ-કલેશ ન ઉપજતો હોય તો મુનિને કાયકલેશ નામનું તપ હોય છે.

ભાવાર્થ:—ગ્રીષ્મકાળમાં પર્વતના શિખર આદિ ઉપર કે જ્યાં સૂર્યકિરણોનો અત્યંત આતાપ થઈ રહ્યો છે અને નીચે ભૂમિ શીલાદિક પણ તપ્તાયમાન છે ત્યાં મહામુનિ આતાપનયોગ ધારણ કરે છે. શીતકાળમાં નદી આદિના કિનારે ખૂલ્લા મેદાનમાં અતિ ઠંડી પડવાથી વૃક્ષ પણ દાઝી જાય ત્યાં ઊભા રહે છે તથા ચોમાસામાં વર્ષા વરસતી હોય, પ્રચંડ પવન ચાલતો હોય અને ડાંસ-મચ્છર ચટકા ભરતાં હોય એવા સમયમાં વૃક્ષની નીચે યોગ ધારણ કરે છે. તથા અનેક વિકટ આસન કરે છે. એ પ્રમાણે કાયકલેશના અનેક કારણો મેળવે છે. છતાં સામ્યભાવથી ડગતાં નથી અનેક પ્રકારનાં ઉપસર્ગોને જીતવાવાળા છે છતાં ચિત્તમાં ખેદ ઉપજતો નથી ઊલટા પોતાના સ્વરૂપ-ધ્યાનમાં નિમગ્ન રહે છે તેને (એવા મુનિને) કાયકલેશ તપ હોય છે. જેને કાયા તથા ઇન્દ્રિયોથી મમત્વ હોય છે, તેને ચિત્તમાં ક્ષોભ થાય છે. પરંતુ આ મુનિ તો એ બધાયથી નિસ્પૃહ વર્તે છે. તેને શાનો ખેદ હોય? એ પ્રમાણે છ પ્રકારના બાહ્યતપનું નિરુપણ કર્યું.

બહારમાં તપ હોય કે ઠંડી હોય એમાં મુનિને ખેદ કે કલેશ થતો નથી. કેમકે મુનિએ આત્માનો શીતળ સ્વભાવ જાણ્યો છે. શુદ્ધ ચૈતન્યદેહ સહિત છે. તેમાં લીનતા વર્તે છે. તેથી અંતરમાં આનંદના ફૂવારા છૂટે છે. તેથી બહારની ગરમી કે ઠંડી મુનિને લાગતી નથી. પોતાના મકાનમાં બગીચો હોય અને તેમાં ઠંડા પાણીના ફૂવારા હોય તો બહારની ગરમી ત્યાં લાગતી નથી. મુનિને કાયકલેશમાં દુઃખ કે આકુળતા નથી કેમકે અંતર આનંદના ઘટમાં શીતળતાના ફૂવારા છે. તેમાંથી શાંતિના કિરણો વહે છે. એ કાયકલેશ તપ છે. આ રીતે છ પ્રકારના બાહ્યતપની વાત પૂરી થઈ. આગળ છ પ્રકારના અંતરંગ તપોનું વ્યાખ્યાન કરે છે. ત્યાં પ્રથમ પ્રાયશ્ચિત નામના તપને કહે છે:—

दोष न करोति स्वयं अन्य अपि न कारयति यः त्रिविधम् ।
कुर्वाणं अपि न इच्छति तस्य विशुद्धिः परा भवति ॥ ४५१ ॥

અર્થ:—જે મુનિ પોતે દોષ કરે નહિ, બીજા પાસે દોષ કરાવે નહિ તથા કોઈ દોષ કરતો હોય તેને ઈષ્ટ-ભલો જાણે નહિ તેને ઉત્કૃષ્ટ વિશુદ્ધતા હોય છે.

ભાવાર્થ :—અહીં વિશુદ્ધિ નામ પ્રાયશ્ચિતનું છે. "પ્રાય:" શબ્દથી તો પ્રકૃષ્ટ ચારિત્રનું ગ્રહણ છે. અર્થાત્ એવું ચારિત્ર જેને હોય તેને "પ્રાય:" કહે છે. અથવા સાધુ લોકનું ચિત્ત જે કાર્યમાં હોય તેને પ્રાયશ્ચિત કહે છે. અથવા આત્માની વિશુદ્ધતા કરે તે પ્રાયશ્ચિત છે. વળી (પ્રાયશ્ચિત શબ્દનો) બીજો અર્થ આવો પણ છે કે "પ્રાય:" નામ અપરાધનું છે, તેને 'ચિત્ત' એટલે તેની શુદ્ધિ કરવી તેને પણ પ્રાયશ્ચિત કહીએ છીએ, મતલબ કે પૂર્વે કરેલા અપરાધથી જે વડે શુદ્ધતા થાય છે તે પ્રાયશ્ચિત છે. એ પ્રમાણે જે મુનિ મન-વચન-કાય અને કૃત-કારિત-અનુમોદનાથી દોષ ન લગાવે તેને ઉત્કૃષ્ટ વિશુદ્ધતા હોય છે અને એ જ પ્રાયશ્ચિત નામનું તપ છે.

આત્મા જ્ઞાનસ્વરૂપ છે. તેમાં લીન થવું તે પ્રાયશ્ચિત છે. ચૈતન્ય સ્વભાવમાં સાધુનું ચિત્ત હોય છે તેને પ્રાયશ્ચિત કહે છે. આત્મા ચિદાનંદ પવિત્ર સુખધામ છે. તેમાં મુનિનું ચિત્ત વારંવાર રહ્યા કરે છે. એ જ મુનિનું કામ હોવાથી પ્રાયશ્ચિત છે.

જેમ સોનાને આપવામાં આવે છે તેમ ચૈતન્યધાતુ વિકાર રહિત છે તેના ભાનપૂર્વક વિશેષ શુદ્ધતા વડે આત્માને ઓપે છે તે તપ છે. અપરાધ રહિત થવું તે પ્રાયશ્ચિત છે. નવો દોષ ન થવા દેવો તે નિરપરાધ છે. આત્મા ક્ષણે ક્ષણે ભાવમરણથી મરી રહ્યો છે તેને જીવતો રાખે નહીં અને બીજા જીવો મરી ગયા હોય, તેનું પ્રાયશ્ચિત લે તો તે કોઈ ખરું પ્રાયશ્ચિત નથી. અહીં તો કહે છે કે આત્મામાં વિશેષ શુદ્ધતા થવી તે પ્રાયશ્ચિત છે. હવે આગળની ગાથામાં વ્યવહાર-પ્રાયશ્ચિતની વાત કરે છે.

अथ कथमपि प्रमादेन च दोषः यदि एति तं अपि प्रकटयति ।
निर्दोष साधुमूले दशदोषविवर्जितः भवितुम् ॥ ४५२ ॥

અર્થ :—કોઈ પ્રકારથી પ્રમાદ વડે પોતાના ચારિત્રમાં દોષ આવી ગયો હોય તો તેને નિર્દોષ સાધુ-આચાર્યની ]નીકટ દશ દોષરહિતપણે પ્રગટ કરે—આલોચન કરે. આ વ્યવહાર આલોચન કોને હોય છે? જે વીતરાગી મુનિ છે તેમને સ્વપ્નમાં કે બીજી રીતે કોઈ અલ્પ દોષ થઈ ગયો હોય તો દિગંબર જૈનાચાર્ય કે જે આત્માને ઉજ્જવળ કરતાં હોય તેમની પાસે જઈને છુપાવ્યા વગર દોષ જાહેર કરે તો પ્રાયશ્ચિત છે એમ કહે છે :—

ભાવાર્થ :—પ્રમાદથી પોતાના ચારિત્રમાં દોષ લાગ્યો હોય તો આચાર્ય પાસે જઈ દશ દોષરહિત આલોચના કરે. પાંચ ઇન્દ્રિય, ચાર કષાય, ચાર વિકથા અને એક નિદ્રા અને એક સ્નેહ એ પાંચે પ્રમાદ છે તેના પંદર ભેદ છે. (વિશેષ) ભંગોની અપેક્ષાએ તેના ઘણાં (૩૭૫૦૦) ભેદ છે તેનાથી દોષ લાગે છે.

વળી આલોચનાના દશ દોષ છે. તેના નામ-આકંપિત, આનુમાનિત, બાદર, સૂક્ષ્મ,

દષ્ટ, પ્રચ્છન્ન, શબ્દાકુલિત, બહુજન, અવ્યક્ત અને તત્સેવી—એ દશ દોષ છે. તેનો અર્થ આ પ્રમાણે છે કેઃ—

(૧) આચાર્યને ઉપકરણાદિક આપી પોતા પ્રત્યે કરુણા ઉપજાવી જાણે કે 'આમ કરવાથી મને પ્રાયશ્ચિત્ત થોડું આપશે' એમ વિચારી આલોચના કરે તે આકંપિત દોષ છે.

(૨) વચન દ્વારા જ આચાર્યના વખાણ આદિ કરી આલોચના કરે તે એવા અભિપ્રાયથી કે 'આચાર્ય મારા પ્રત્યે પ્રસન્ન રહે તો પ્રાયશ્ચિત્ત થોડું આપશે' તે અનુમાનિત દોષ છે.

(૩) પ્રત્યક્ષ દેખાતા દોષ હોય તે કહે પણ અણદેખાતા ન કહે તે દષ્ટદોષ છે.

(૪) સ્થૂલ–મોટા દોષ તો કહે પણ સૂક્ષ્મ ન કહે તે બાદર દોષ છે.

(૫) 'સૂક્ષ્મ જેણે કહી દીધા તે બાદર દોષ શા માટે છુપાવે' એવા માયાચારથી જે સૂક્ષ્મદોષ જ કહે પણ બાદર ન કહે તે સૂક્ષ્મ દોષ છે.

(૬) છુપાવીને કહે, તે એમ કે કોઈ બીજાએ પોતાનો દોષ કહી દીધો હોય ત્યારે જ કહે કે 'એવો જ દોષ મને લાગ્યો છે' પણ દોષનું નામ પ્રગટ ન કરે તે પ્રચ્છન્નદોષ છે.

(૭) 'રખે કોઈ સાંભળી ન જાય!' એવા અભિપ્રાયથી ઘણા શબ્દોના કોલાહલમાં પોતાના દોષ કહે તે શબ્દાકુલિતદોષ છે.

(૮) પોતાના ગુરુ પાસે આલોચના કરી ફરી પાછો અન્ય ગુરુ પાસે પણ આલોચના કરે તે આવા અભિપ્રાયથી કે 'આનું પ્રાયશ્ચિત્ત અન્ય ગુરુ શું બતાવે છે?' એ બહુજન દોષ છે.

(૯) 'આ દોષ છુપાવ્યો છુપાવાનો નથી માટે કહેવો જ જોઈએ' એમ વિચારી પ્રગટ–વ્યક્ત દોષ હોય તે કહે, તે અવ્યક્ત દોષ છે.

(૧૦) પોતાને લાગેલા દોષની ગુરુ પાસે આલોચના કરી, કોઈ અન્ય મુનિએ પ્રાયશ્ચિત્ત લીધું હોય તેને જોઈ તે પ્રમાણે પોતાને પણ દોષ લાગ્યા હોય તેની આલોચના ગુરુ પાસે નહિ કરતાં પોતાની મેળે પ્રાયશ્ચિત્ત લઈ લે પરંતુ દોષ પ્રગટ કરવાનો અભિપ્રાય ન હોય તે તત્સેવીદોષ છે.

આવા દશ દોષ રહિત સરળચિત્ત બની બાળકની માફક આલોચના કરે.

દશ પ્રકારના દોષરહિત હોય તે વ્યવહાર આલોચના છે. મુનિની સેવા કરવાથી પ્રાયશ્ચિત્ત થોડું આપશે એવી બુદ્ધિથી આલોચના કરે તો તે આલોચના નથી.

[ અનુસંધાન માટે જુઓ પેજ નં. ૨૨ ઉપર ]

## વૈરાગ્ય સમાચાર :—

* અમદાવાદનિવાસી શ્રી રસિકલાલ ભીમજી ડેલીવાળા (વર્ષ–૫૭) તા. ૧૬–૧૦–૯૬ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* મોરબીનિવાસી (હાલ અમદાવાદ) શ્રી કંચનબેન વલ્લભદાસ દફતરી (વર્ષ–૬૮) તા. ૧૩–૧૨–૯૬ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* મદ્રાસનિવાસી (હાલ બેંગલોર) શ્રી લીલાવતીબેન ભાણજીભાઈ ભગવાનદાસ પારેખ (વર્ષ–૮૨) તા. ૧૬–૧૨–૯૬ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* શ્રી શાંતાબેન કેશવલાલ શાહ (વર્ષ–૮૨) તા. ૧૯–૧૨–૯૬ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* મૂળીનિવાસી (હાલ–અંધેરી) શ્રી સુરજબેન રતિલાલ શાહ (વર્ષ–૮૧) તા. ૨૪–૧૨–૯૬ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* નવસારીનિવાસી શ્રી કંચનબેન છોટાલાલ શાહ (વર્ષ–૭૧) તા. ૧–૧–૯૭ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* મુંબઈનિવાસી શ્રી મરુદેવી (તે શ્રી સુરેન્દ્રભાઈ કસ્તુરચંદ તલાટીના સુપુત્રી) (વર્ષ–૩૮) તા. ૨–૧–૯૭ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* મુંબઈનિવાસી શ્રી સવિતાબેન માણેકલાલ ગાંધી તા. ૫–૧–૯૭ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* દેહગામનિવાસી (હાલ–સોનગઢ) શ્રી સમરતબેન ભીખાલાલ શાહ (વર્ષ–૧૦૦) (તે શ્રી હીરાલાલ ભીખાલાલ શાહ—તંત્રીના માતુશ્રી) તા. ૧૪–૧–૯૭ના રોજ સોનગઢ મુકામે સ્વર્ગવાસ પામ્યા છે. તેઓએ છેલ્લા પચ્ચાશ વર્ષથી સોનગઢ સ્થાયી રહીને પૂજ્ય ગુરુદેવશ્રીનો ઘણો જ લાભ લીધો હતો. તેઓ તત્ત્વરસિક, સ્વભાવે શાંત–સરળ અને દેવ–ગુરુ–ધર્મ પ્રત્યે અત્યંત ભક્તિવંત હતા; પૂજ્ય બહેનશ્રી પ્રત્યે અપાર ભક્તિ હતી.

—સ્વર્ગસ્થ આત્માઓએ ભવોદધિ તારણહાર પરમકૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીની ભવનાશક અધ્યાત્મ–અમૃતવાણીનો ઘણો લાભ લીધો હોવાથી દેવ–ગુરુનું સ્મરણ, જ્ઞાયકનું રટણ ને આત્મચિંતન કરતાં કરતાં શાંતિથી દેહ છોડ્યો હતો. તેઓ વીતરાગ દેવ–ગુરુ-ધર્મના ઉપાસક, તત્ત્વચિંતક હતા. પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના શરણમાં પ્રાપ્ત કરેલાં આત્મસંસ્કારો વૃદ્ધિ પામીને વીતરાગ દેવ–ગુરુ–ધર્મના શરણમાં તેઓ શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના.

[ તા. ૧૫-૧-૯૭ ]

# સુવર્ણપુરી સમાચાર

—તંત્રી

અધ્યાત્મતીર્થક્ષેત્ર શ્રી સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ, અનંત-ઉપકારમૂર્તિ પરમ પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી તેમ જ તેમના પરમ ભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનના કલ્યાણવર્ષી પુણ્ય-પ્રતાપે, આદરણીય પં. શ્રી હિંમતલાલભાઈ જે. શાહના જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિભીના મધુર તત્ત્વાવધાનમાં અધ્યાત્મજ્ઞાનના પાવન ગુંજારવથી સદાય પ્રફુલ્લિત રહે છે, તેમ જ નીચે પ્રમાણે ધાર્મિક કાર્યક્રમ પ્રતિદિન નિયમિત ચાલી રહ્યો છે :—

પ્રાતઃ પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો-ટેપ

પ્રાતઃ જિનેન્દ્ર-દર્શન-પૂજા

સવારે ૮-૪૫ થી ૯-૪૫ : શ્રી સમયસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું આધ્યાત્મિક ટેપ-પ્રવચન

બપોરે ૩-૦૦ થી ૪-૦૦ : 'શ્રી નિયમસાર' ઉપર આધ્યાત્મિક ટેપ-પ્રવચન

બપોરે પ્રવચન પહેલાં : પરમ પૂજ્ય ગુરુદેવશ્રીની સ્તુતિ

બપોરે પ્રવચન પછી : પૂજ્ય બહેનશ્રીના ચિત્રપટ સમક્ષ સ્તુતિ

બપોરે ૪-૧૫ થી ૫-૦૦ : જિનેન્દ્રભક્તિ

સાંજે ૭-૩૦ થી ૮-૩૦ : પૂજ્ય ગુરુદેવશ્રીનું 'શ્રી કળશટીકા' ઉપર ભાવવાહી ટેપ-પ્રવચન

* ધાર્મિક શિક્ષણવર્ગ :—તા. ૨૪-૧૨-૯૬ થી તા. ૨-૧-૯૭ સુધી રાખવામાં આવેલો દસ દિવસીય ધાર્મિક શિક્ષણ વર્ગ સુચારુરૂપે સંપન્ન થયો હતો. શિક્ષણેચ્છુ મુમુક્ષુઓની સંખ્યા સારી હતી. હિન્દીભાષી મુમુક્ષુઓની સંખ્યા પણ સારી હતી. અભાના (દમોહ)થી લગભગ ૧૬ ભાઈ-બેનો શિક્ષણનો લાભ લેવા માટે આવ્યા હતા. બ્ર. શ્રી વૃજલાલભાઈ શાહે (વઢવાણ) શ્રી જૈન સિદ્ધાંત પ્રશ્નોત્તરમાળાના લક્ષણ-પ્રમાણ-નય-નિક્ષેપ અધિકાર તથા મોક્ષમાર્ગપ્રકાશકના આઠમા અધિકાર ઉપર બહુ સારું શિક્ષણ આપ્યું હતું.

* બહેનશ્રીની ૬૫મી સમ્યક્ત્વજયંતી :—

પરમોપકારી, સ્વાનુભૂતિમાર્ગપ્રકાશક, સ્વાનુભૂતિ-પુરુષાર્થપ્રેરણામૂર્તિ, સ્વાનુભવ-વિભૂષિત, આપણા તારણહાર પૂજ્ય ગુરુદેવશ્રીના ભક્તશિરોમણિ, સ્વાનુભવવિભૂષિત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની આગામી ૬૫મી મંગલકારી સમ્યક્ત્વજયંતી અધ્યાત્મ-સાધનાતીર્થ શ્રી સુવર્ણપુરીમાં તા. ૨૯-૩-૯૭ શનિવારથી તા. ૨-૪-૯૭ બુધવાર પાંચ દિવસ સુધી વિંછીયા તેમ જ બોટાદના સમગ્ર ડગલી પરિવાર તરફથી અત્યંત આનંદોલ્લાસ પૂર્વક ઉજવવામાં આવશે. વિસ્તૃત સમાચાર આગામી અંકમાં આપવામાં આવશે.

## ❀ પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્ગાર ❀

* આ અનાદિના અવિવેકના નાટકમાં એટલે કે આનંદનો નાથ ચૈતન્યપ્રભુ આત્મા તથા રાગના એકપણાના અવિવેકના નાટકમાં પુદ્ગલ જ નાચે છે, જ્ઞાયકપ્રભુ તો જ્ઞાયકપણે જ રહ્યો છે. વર્ણાદિમાં પુદ્ગલ નાચે છે, રાગમાં પુદ્ગલ નાચે છે, અભેદ જ્ઞાનમાં પુદ્ગલ જ અનેક પ્રકારનું દેખાય છે. જીવ તો અભેદ એકાકાર છે. તેથી વર્ણાદિ-રાગાદિ પુદ્ગલ જ છે. ૪૭.

* મકાન મંદિર આદિ પુદ્ગલદ્રવ્યમાં વિસ્તરે છે–જાહેર કરે છે. ગલૂડિયું કૂતરીમાં વિસ્તરે છે–જાહેર કરે છે, આંગળી પકડીને ચાલતો છોકરો તે તેના બાપનો છે તેમ વિસ્તરે છે–જાહેર કરે છે, ધન-સંપત્તિ ધનવંતને જાહેર કરે છે. તેમ પુણ્ય-પાપના ભાવ, તીર્થંકરગોત્રનો ભાવ પુદ્ગલની સાથે તાદાત્મ્ય જાહેર કરે છે–વિસ્તરે છે, ભગવાન ચિદાનંદ આત્માને તે પ્રસિદ્ધ કરતા નથી. ૪૮.

* પરમાર્થે ઘડાને તથા માટીને વ્યાપ્ય-વ્યાપકભાવનો સદ્ભાવ છે, તેથી ઘડો તે કર્મ–કાર્ય છે અને માટી તેનું કારણ–કર્તા છે; પણ કુંભાર તેનું કારણ નથી. તેમ વિકારી પરિણામ તે પુદ્ગલના પરિણામ હોવાથી વિકારી પરિણામને ને પુદ્ગલને વ્યાપ્ય-વ્યાપકપણું છે, માટે રાગના પરિણામનો કર્તા પુદ્ગલ છે, જીવ રાગનો કર્તા નથી. ૪૯.

* એક સમયનો વિકૃતભાવ છે, એનાથી રહિત આખી ચીજ પડી છે. વિકૃતભાવ વસ્તુમાં નથી એવો યથાર્થ નિર્ણય કર્યો એટલે બસ, એ છૂટી ગયો ! વિકૃતભાવથી ભેદ પાડવો; બસ એ કરવાનું છે, બીજું તો બધું જુદું જ છે. ૫૦.

* શ્રી સમયસારની ગાથા ૧૦૯-૧૧૨માં કહે છે કે હે જ્ઞાનના ઈચ્છક પુરુષ ! સાંભળ ! જે મિથ્યાત્વાદિ ભાવકર્મ છે તેનો કર્તા એક પુદ્ગલદ્રવ્ય જ છે, જીવ તેનો કર્તા નથી. મિથ્યાત્વથી માંડીને સયોગીકેવળી સુધીના તેર ગુણસ્થાનભેદો કે જેઓ પુદ્ગલકર્મના વિપાકના પ્રકારો હોવાથી અત્યંત અચેતન છે તેઓ જ વ્યાપ્ય-વ્યાપકભાવે મિથ્યાત્વાદિ ભાવકર્મને જો કરે તો ભલે કરે ! જીવને તેમાં શું આવ્યું ? જીવ તો એકલો શુદ્ધ જ્ઞાનાનંદમય છે. આહાહા ! જે જીવને આત્માની જિજ્ઞાસા થઈ છે ને સાંભળવા આવ્યો છે તેને હજુ થોડો કાળ મિથ્યાત્વાદિ ભાવ ભલે હો, પણ તે શુદ્ધ જીવનું લક્ષ કરવાનો જ છે તેથી મિથ્યાત્વાદિ બધા ભાવો અલ્પકાળમાં ટળી જવાના છે તેથી તે મિથ્યાત્વાદિ ભાવોનો કર્તા પુદ્ગલ છે, શુદ્ધ જીવ કર્તા નથી. આહાહા ! ૫૧.

*

# ❀ સ્વજ્ઞેય ભગવાન આત્માને જાણ ❀

❀ સ્વ-પરને જાણવાની યોગ્યતા પર્યાયની પોતાની છે તેથી તેને જાણે ત્યારે જ્ઞેય તેમાં જણાયા એમ નિકટપણાને લીધે કહેવામાં આવે છે. જ્ઞાનની એક સમયની પર્યાય અનંતા દ્રવ્યોને જાણે છે ને પર્યાયમાં અનંતા દ્રવ્યો જણાવા લાયક છે તેમ કહેવું તે પણ વ્યવહાર છે. ખરેખર તો જ્ઞાનની એક સમયની પર્યાય સ્વજ્ઞેયને—ભગવાન આત્માને જાણે ત્યાં અનંતા પરજ્ઞેયો તેમાં જણાય જાય એવી તે પર્યાયની શક્તિ છે. —પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવ

સંપાદક : નાગરદાસ બેચરદાસ મોદી
તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ
પ્રકાશક : શ્રી. દિ. જૈન સ્વા. મંદિર ટ્રસ્ટ
સોનગઢ-૩૬૪૨૫૦

If undelivered please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH-364250 (INDIA)

Licence No. 21 'Licensed to Post without Prepayment'

મુદ્રક : જ્ઞાનચંદ જૈન
કહાન મુદ્રણાલય, સોનગઢ

આજીવન સભ્ય ફી : ૧૦૧/–
વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૨૦૧/–
વાર્ષિક લવાજમ : રૂા. ૯/–
વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૧૮/–
[વિદેશ માટે એર-મેઈલથી મંગાવવા માટે વાર્ષિક રૂા. ૧૬૮/– પોસ્ટેજના અલગ]

A ૨૮૦૯ શ્રી કાંતિલાલ છગનલાલ શાહ
બ્લૉક નં. ૬, બિલ્ડીંગ નં–૯,
ધીરજ વૃંદાવન સોસાયટી, ચુના ભઠ્ઠી,
સાયન, (વેસ્ટ) મુંબઈ-૪૦૦૦૨૨